Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

ગુરૂવાર, તા.૨ મે, ૨૦૨૪

2/5/2024 * VOL : 44 * N0. 228 સંવત- ૨૦૮૦, ચૈત્ર વદ-૯

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

**આજનો સુવિચાર**

છીએ એના કરતાં ઓછા દુ:ખી થવાની કળા એટલે સ્વભાવ નું મેનેજમેન્ટ

# કોંગ્રેસની મહોબ્બતની દુકાનમાં બધું જ ફેક છે
# કોંગ્રેસ નકલી વીડિયો બનાવવાની ફેક્ટરી: મોદી

## ડીસા અને હિંમતનગરમાં વિશાળ જનસભાને સંબોધતા વડાપ્રધાન

**ડીસા, હિંમતનગર,**
વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભાની ચૂંટણીના પ્રચાર માટે આજે ગુજરાત આવેલા છે. આજે ડીસા અને હિંમતનગરમાં વિશાળ જનમેદનીને સંબોધી હતી. ડીસા ખાતે તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસની મહોબ્બતની દુકાનમાં બધું જ ફેક છે અને તેમની પાસે કોઈ જ મુદ્દો નહીં હોવાથી હવે નકલી વીડિયો બનાવવાની ફેક્ટરી બની ગઈ છે. હિંમતનગરમાં તેમણે જણાવ્યું હતું કે, નાગરિકોના લાઈટ અને વીજળીના બિલો ઝીરો કરી દેવાની યોજના તેમની પાસે છે. અને તેઓ આ દેશના પ્રત્યેક નાગરિકોની સેવા કરવાના નિર્ણય સાથે કામ કરી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બનાસકાંઠાના ડીસામાં ચૂંટણી સભાને સંબોધિત કરી કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. વડાપ્રધાને સંબોધનની શરૂઆતમાં કહ્યું હતું કે મા અંબાના ચરણોમાં આવીને ગુજરાતની પહેલી સભા છે. ગુજરાતે આપેલા સંસ્કાર આજે દિલ્હીમાં લેખે લાગ્યા છે. પીએમ તો દિલ્હીમા હોય ગુજરાતમાં નરેન્દ્રભાઈ જ હોય છે. તેમણે ગુજરાતના સ્થાપના દિવસની શુભકામનાઓ પાઠવી હતી. તેમણે કહ્યુ કે આજનો દિવસ નવા સંકલ્પ સાથેનો દિવસ છે. ૨૦૧૪માં દિલ્હીમાં મોકલીને દેશની સેવા કરવાનો અવસર આપ્યો હતો. ૨૦૧૪ પહેલા દેશમાં આતંકવાદના સમાચાર જ મળતા હતા. ૨૦૧૪ પહેલા દેશમાં ભ્રષ્ટાચારના સમાચાર જ મળતા હતા. ૨૦૧૪ પહેલા દેશ નિરાશામાં ડૂબેલો હતો. ૨૦૧૪ પહેલા દેશના યુવાનને ભવિષ્યની ચિંતા હતી. વડાપ્રધાને ફેક વીડિયોને લઈને કોંગ્રેસને પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું કે હિંમત હોય તો સામેથી વાર કરો.

કોંગ્રેસના આરોપ પર વડાપ્રધાન મોદીએ દેશને ગેરન્ટી આપી હતી. તેમણે કહ્યું કે અનામતમાં કોઈ ફેરફાર થશે નહીં. જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી અનામતની રક્ષા થશે. જ્યાં સુધી ભાજપ છે ત્યાં સુધી અનામતની રક્ષા થશે. કર્ણાટકમાં કોંગ્રેસે મુસ્લિમોનો ઓબીસીમાં સમાવેશ કર્યો છે. કોંગ્રેસ દલિત, એસસી-એસટીનો હક છીનવવા માંગે છે. મોદી છે ત્યા સુધી ધર્મના આધારે અનામતનો ખેલ નહીં થાય. બંધારણના આધારે મળેલા અનામતમાં છેડછાડ થશે નહીં. અમારા સિવાય એકપણ પક્ષ ૨૭૨ ઉમેદવારને લડાવી રહ્યો નથી.

ગાંધી પરિવાર પર વડાપ્રધાન મોદીએ નિશાન સાધતા કહ્યુ કે દિલ્હીમાં ગાંધી પરિવાર કોંગ્રેસને મત નહીં આપી શકે. દિલ્હીમાં કોંગ્રેસ આપ સાથે ગઠબંધ કર્યુ છે. અહમદ પટેલનો પરિવાર કોંગ્રેસને મત નહીં આપી શકે. ભરુચમાં કોંગ્રેસે આપ



સાથે ગઠબંધન કર્યુ છે. કોંગ્રેસના લોકો પર વિશ્વાસ કરી શકાય નહીં. કોંગ્રેસના લોકો ઘોષણા કરે, અનામતને હાથ નહીં લગાવીએ. કોંગ્રેસ પાસે મુદ્દા અને વિઝન નથી. કોંગ્રેસની હરકતોને મતદારોએ જવાબ આપ્યો છે.

વધુમાં તેમણે કહ્યું કે ૨૦૧૯માં કોંગ્રેસે ચોકીદાર ચોરનો નારો આપ્યો હતો. કોંગ્રેસે રાફેલની મજાક ઉડાવી હતી. ૨૦૧૯ બાદ કોંગ્રેસે સતત મોદીનું અપમાન કર્યુ છે. કોંગ્રેસના શેહજાદાએ મોદી, ઓબીસી સમાજને ચોર કહ્યા હતા. ૨૦૨૪માં કોંગ્રેસ, ગઠબંધન જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે. અનામત ખતમ કરવાની કોંગ્રેસ અફવા ફેલાવી રહી છે. વિપક્ષના લોકો નકલી વીડિયો ફેલાવી રહ્યા છે. અનામત ખતમ કરવાની કોંગ્રેસ અફવા ફેલાવે છે.

ગુજરાતમાં ૭ મેએ લોકસભાની ૨૫ સીટો પર મતદાન થવાનું છે. ત્યારે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચૂંટણી સભા માટે ગુજરાતના પ્રવાસે

## કાળઝાળ ગરમીમાં પણ રેકોર્ડબ્રેક મતદાન કરવા નાગરિકોને મોદીની અપીલ

આવ્યા હતા. પીએમ મોદીએ બનાસકાંઠામાં ચૂંટણી સભા સંબોધી હતી. પીએમ મોદીએ પોતાના સંબોધનની શરૂઆતમાં કહ્યું કે મા અંબાના ચરણોમાં આવીને ગુજરાતની પહેલી ચૂંટણી સભાનું સૌભાગ્ય મળ્યું છે. તેમણે કહ્યું કે સાથીઓ ગુજરાતની ધરતીએ મને જે સંસ્કાર આપ્યા જે શિક્ષણ આપ્યું અને ખુબ લાંબા ગાળા સુધી મને મુખ્યમંત્રી રાખીને તમે જે અનુભવની તક આપી તે આજે દિલ્હીમાં કામ લાગે છે.

પીએમ મોદીએ પૂર્વની સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે ૨૦૨૪ પહેલા દેશમાં એવી સરકાર હતી જ્યાં ચારે તરફ આતંકવાદ અને ભ્રષ્ટાચાર હતો. દેશમાં નિરાશાનો માહોલ હતો. તમે ગુજરાતના ભાઈ-બહેનોએ મને ૨૫ વર્ષથી સરકારમાં કામ કરતો જોયો છે. તેમણે કહ્યું કે દેશના સામર્થ્યનો હું એક પૂજારી બન્યો છું. ત્રીજી ટર્મમાં દેશને વિકસિત ભારત બનાવીશું. ત્રીજા ટર્મની સરકાર બને તે પહેલા ૧૦૦ દિવસના કામનો એક્શન પ્લાન બનાવી લીધો છે. ત્રીજા કાર્યકાળમાં ગરીબના કલ્યાણ અને ખેતીના કલ્યાણ માટે કામ કરીશું.

પીએમ મોદીએ કહ્યું કે ગુજરાતની બધી સીટ જીતીને મને સંતોષ નથી, આપણે બધા પોલીંગ બુથ જીતવાના છે. તમારો એક મત ઉમેદવારને નહીં પરંતુ મને મળશે. ગુજરાતમાં કોંગ્રેસને એકવાર હરાવ્યા બાદ પરત ફરવા દીધી નથી. એક ચા વાળો અને એક ગુજરાતી દાળભાત ખાવાવાળો શું કરી શકે તે તમે દેખાડ્યું છે. બીજી ચૂંટણી આવી તો ૨૦૧૯માં ચોકીદાર ચોર અને મોદી ખૂનના સોદાગર કહેતા હતા. ૨૦૧૯ની ચૂંટણી પછી આ લોકોએ મોદીનું અપમાન કરવાનું શરૂ કર્યું હતું.

પીએમ મોદીએ કહ્યું કે આજે ગુજરાતનો સ્થાપના દિવસ આપણા બધા માટે નવા સંકલ્પનો દિવસ, નવી ઊર્જા માટેનો દિવસ અને એ નિમિતે આ વખતે આપણે સંકલ્પ લઈએ વિકસિત ભારત બનાવવા માટે વિકસિત ગુજરાત બનાવવામાં અમે કોઈ કમી નહિ રહેવા દઈએ. પીએમ મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે આ ચૂંટણીમાં હજુ ઓછી સીટો જીતશે. પ્રથમ બે તબક્કાના મતદાન પર કહ્યું કે રાજસ્થાનમાં કોંગ્રેસને એકપણ સીટ મળશે નહીં. આ લોકોની મહોબ્બતની દુકાન એ ફેક ફેક્ટરી છે. આ લોકોએ ફેક વીડિયોની દુકાન ખોલી છે. અનામત પર બોલતા પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ ધર્મના આધારે અનામત આપે છે. એસટી, એસસી અને ઓબીસીને જે અનામત કાયદામાં મળ્યું છે તે કોઈ છીનવી શકે નહીં. પીએમ મોદીએ કહ્યું કે મને ગુજરાતીએ મોટો કર્યો છે તો તમે ચિંતા ન કરો. તેમણે કહ્યું કે દેશના લોકોએ કાળી મજૂરી કરીને જે ટેક્સ આપ્યો છે તેને હું લૂંટાવા દઈશ નહીં. ગાંધી પરિવાર પર હુમલો કરતા કહ્યું કે આ ચૂંટણી એવી છે જેમાં ગાંધી પરિવાર કોંગ્રેસને જ મત આપી શકશે નહીં.

## એપથી રોકાણ સ્કીમમાં છેતરપિંડી મામલે સીબીઆઈની મોટી કાર્યવાહી

**(એજન્સી)નવી દિલ્હી,**
કેન્દ્રીય તપાસ બ્યુરોએ એચપીઝેડ ટોકન એપ દ્વારા રોકાણની લાલચ આપી રાષ્ટ્રવ્યાપી છેતરપિંડીના કેસમાં ૧૦ રાજ્યોમાં અને કેન્દ્ર શાસિક પ્રદેશોમાં ૩૦ સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા છે. આ રાજ્યોમાં દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકનો સમાવેશ થાય છે. સીબીઆઈએ એચપીઝેડ ટોકન એપ સંબંધિત મામલામાં અત્યાર સુધીમાં મોબાઈલ ફોન, કોમ્પ્યુટર, હાર્ડ ડ્રાઈવ, સિમકાર્ડ, એટીએમ, ડેબિટ કાર્ડ, ઈ-મેઈલ એકાઉન્ટ તેમજ વિવિધ ડોક્યુમેન્ટ સહિત મહત્વના ડિજિટલ પુરાવાઓ જપ્ત કર્યા છે. સમાચાર એજન્સીના અહેવાલો મુજબ સીબીઆઈએ છેતરપિંડી યોજનામાં સામેલ બે ખાનગી કંપનીઓ અને તેના નિદેશકો વિરુદ્ધ કેસ નોંધ્યો છે. સીબીઆઈના જણાવ્યા મુજબ કથિત આરોપીઓમાં શિગૂ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ અને લિલિયન ટેક્નોકેબ પ્રાઈવેટ લિમિટેડ (બંને ખાનગી કંપનીઓ) અને તેના નિદેશક સામે કેસ નોંધવામાં આવ્યો છે. એચપીઝેડ ટોકન આધારિત એપનું કામકાજ કરે છે અને તે બિટકોઈન અને અન્ય ક્રિપ્ટો કરન્સી માટે ખાનકામ મશીનોમાં રોકાણ કરીને વપરાશકર્તાઓને મોટા નફાની લાલચ આપે છે.

### ૨ લાખ કરોડને પાર પહોંચ્યું જીએસટી કલેક્શન

## લોકસભા ચૂંટણી વચ્ચે કેન્દ્રની તિજોરી છલકાઇ

**(એજન્સી)નવી દિલ્હી,**
જીએસટી મોરચે એક નવો રેકોર્ડ બન્યો છે. હકીકતમાં, એપ્રિલ ૨૦૨૪માં અત્યાર સુધીમાં સૌથી વધુ જીએસટી રેવન્યુ કલેક્શન થયું છે. આ આંકડો રૂ. ૨.૧૦ લાખ કરોડને પાર કરી ગયો છે.

તમને જણાવી દઈએ કે વાર્ષિક ધોરણે કુલ આવકમાં ૧૨.૪%નો વધારો થયો છે.

રિફંડ પછી નેટ જીએસટી ૧.૯૨ લાખ કરોડ રહ્યો. જેમાં વાર્ષિક ધોરણે ૧૭.૧%નો વધારો થયો છે. એપ્રિલ, ૨૦૨૪ના મહિનામાં કેન્દ્ર સરકારે આઈજીએસટીથી સીજીએસટીને ૫૦,૩૦૭ કરોડ અને એસજીએસટીને ૪૧,૬૦૦ કરોડની પતાવટ કરી હતી. તમને જણાવી દઈએ કે માર્ચ ૨૦૨૪માં જીએસટી રેવન્યુ કલેક્શન વાર્ષિક ધોરણે ૧૧.૫ ટકાના વધારા સાથે ૧.૭૮ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ : ૪૩,૮૪૬ કરોડ, સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ : ૫૩,૫૩૮ કરોડ, ઈન્ટિગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ : ૯૯,૬૨૩ કરોડ, સેસ: ૧૩,૨૬૦ કરોડ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે કુલ જીએસટી કલેક્શન રૂ. ૨૦.૧૮ લાખ કરોડ હતું, જે અગાઉના વર્ષની રૂ. ૨૦ લાખ કરોડની આવક કરતાં વધુ છે, જે ૧૧.૭ ટકાનો વધારો દર્શાવે છે.

## સલમાન ખાનના ઘર પર ફાયરિંગ કેસમાં આરોપીની આત્મહત્યા

**(એજન્સી)મુંબઈ,**
સલમાન ખાનના ઘરે ફાયરિંગ કેસમાં મોટા સમાચાર સામે આવ્યા છે. સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર ફાયરિંગ કેસના એક આરોપીએ આત્મહત્યા કરી લીધી છે. પોલીસે જણાવ્યું કે સલમાન ખાનના ઘરે ફાયરિંગ કેસના એક આરોપીએ પોલીસ કસ્ટડીમાં આત્મહત્યા કરી હતી. આત્મહત્યા કરનાર આરોપીનું નામ અનુજ થાપન છે, જેના પર શૂટર્સને હથિયાર પૂરા પાડવાનો આરોપ છે.

મુંબઈ પોલીસના સૂત્રએ જણાવ્યું હતું કે આરોપી અનુજ થાપને ચાદર વડે આત્મહત્યા કરી હતી. જણાવી દઈએ કે આ પહેલા મુંબઈની સ્પેશિયલ કોર્ટે સોમવારે બાંદ્રામાં એક્ટર સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગની ઘટનામાં ધરપકડ કરાયેલા ત્રણ આરોપીઓને ૮ મે સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા હતા.

મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટના વિશેષ ન્યાયાધીશ એએમ પાટીલે આરોપી વિકી ગુપ્તા (૨૪), સાગર પાલ (૨૧) અને અનુજ થાપન (૩૨)ને પોલીસ કસ્ટડીમાં અને સોનુ કુમાર ચંદર બિશ્નોઈ (૩૭)ને મેડિકલ ગ્રાઉન્ડ પર જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### ઈડીએ કોંગ્રેસના ધારાસભ્ય ધરમ સિંહના પુત્ર સિકંદર સિંહની ધરપકડ કરી

**નવી દિલ્હી,**
મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ રિયલ એસ્ટેટ ક્ષેત્રની કંપની માહિરા હોમ્સના ડિરેક્ટર સિકંદર સિંહ છોકરની ધરપકડ કરી હતી. સિકંદર સિંહ છોકર સામખાના કોંગ્રેસના ધારાસભ્ય ધરમ સિંહ છોકરના પુત્ર છે. માહિરા હોમ્સના પાંચ પ્રોજેક્ટની તપાસ કરતી વખતે ઈડીએ રૂ. ૧૦૦ કરોડથી વધુની છેતરપિંડીના કેસની તપાસ કરી હતી. જેમાં ઘણા લક્ઝરી વાહનો પણ ઈડી દ્વારા જપ્ત કરવામાં આવ્યા હતા. સિકંદર ફરાર હતો. આ છેતરપિંડીમાં સિકંદર છોકર મુખ્ય આરોપી છે.વાસ્તવમાં, માહિરા હોમ્સ પાસે ગુરુગ્રામના વિવિધ ક્ષેત્રોમાં પરવડે તેવા પ્રોજેક્ટ્સ છે, જેમાં સેંકડો રોકાણકારોએ કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું. માહિરા હોમ્સે તમામ પૈસા રેરા ખાતામાં જમા કરાવ્યા અને આ પછી, માહિરા હોમ્સે નિયમોની અવગણના કરીને પ્રોજેક્ટના રેરાખાતામાંથી મોટા ભાગના નાણાં પોતાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી.

### ડીઆરડીઓ મારફતે દરિયાકિનારે મિસાઈલનું સફળ પરિક્ષણ

**(એજન્સી)નવી દિલ્હી,**
સુપરસોનિક મિસાઈલ-આસિસ્ટેડ રિલીઝ ઓ ટોર્પિડો સિસ્ટમનું ૧ મે, ૨૦૨૪ના રોજ અંદાજે ૦૮૩૦ વીગ્યે ઓરિસ્સાના દરિયાકિનારા સ્થિત ડો.એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી સફળતાપૂર્વક ફ્લાઊટ-પરિક્ષણ કરવામાં આવ્યું હતું.

સ્માર્ટ એસ એ નેક્સ્ટ જનરેશન મિસાઈલ આધારિત લાઈટ-વેઈટ ટોર્પિડો ડિલીવરી સિસ્ટમ છે., જે ડિફેન્સ રિસર્ચ એન્ડ ટોર્પિડો ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા ભારતીય નૌકાદળની એન્ટિ-સબમરીન યુધ્ધ ક્ષમતાને હળવા વજનના ટોર્પિડોની પરંપરાગત શ્રેણીથી ઘણી આગળ વધારવા માટે ડિઝાઈન વિકસાવવામાં આવી છે.

આ કેનિસ્ટર આધારિત મિસાઈલ સિસ્ટમમાં અનેક અદ્યતન પેટા સિસ્ટમનો સમાવેશ થાય છે. જેમકે બે સ્ટેજ સોલિડ પ્રોપલ્શન સિસ્ટમ, ઈલેક્ટ્રોમિકેનિકલ એક્યુએટર સિસ્ટમ, પ્રિસીઝન ઈન્શિયલ સિસ્ટમ વગેરે.

## સાત ફેરા વિના હિંદુ લગ્ન માન્ય નહી : સુપ્રીમ કોર્ટ

**(એજન્સી)નવી દિલ્હી,**
સુપ્રીમ કોર્ટે હિંદુ લગ્નને લઈને મહત્વનો નિર્ણય આપ્યો છે. આ નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે હિંદુ લગ્ન એ એક સંસ્કાર છે અને તે ×ગીત-નૃત્ય×, ×વાઈનિંગ-ડાયનિંગ×નું આયોજન નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો જરૂરી વિધિઓ કરવામાં આવી ન હોય તો હિંદુ લગ્ન અમાન્ય છે અને નોંધણી આવા લગ્નને માન્ય ગણી શકતી નથી. સુપ્રીમ કોર્ટે એક નિર્ણયમાં હિંદુ મેરેજ એક્ટ ૧૯૫૫ હેઠળ હિંદુ લગ્નની કાનૂની જરૂરિયાતો અને પવિત્રતાને સ્પષ્ટ કરી છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે હિંદુ લગ્નને માન્ય રાખવા માટે તે સપ્તપદી (પવિત્ર અગ્નિની સાક્ષીએ સાત ફેરા ફરવા) જેવા યોગ્ય સંસ્કારો અને વિધિઓ સાથે કરવામાં આવે છે અને વિવાદોના કિસ્સામાં આ સમારોહના પુરાવા પણ મળે છે. જસ્ટિસ બી. નાગરત્નાએ પોતાના ચુકાદામાં કહ્યું કે, હિંદુ લગ્ન એક સંસ્કાર છે, જેને ભારતીય સમાજમાં એક મહાન મૂલ્યની સંસ્થા તરીકેનો દરજ્જો મળવો જોઈએ. આ કારણોસર અમે યુવા પુરુષો અને મહિલાઓને વિનંતી કરીએ છીએ કે લગ્નની સંસ્થામાં પ્રવેશતા પહેલા તેના વિશે ઊંડાણપૂર્વક વિચાર કરો અને ભારતીય સમાજમાં ઉક્ત સંસ્થા કેટલી પવિત્ર છે તેનો વિચાર કરો. તેમણે કહ્યું, લગ્ન એ 'ગીત અને નૃત્ય' અને 'દારૂ પીવા' અને 'જમવાનું'નું આયોજન નથી અથવા અનુચિત દબાણ દ્વારા દહેજ અને ભેટોની માંગણી કરવી અને લેવડદેવડ કરવાનો પ્રસંગ નથી. જે બાદ કોઈપણ સંજોગોમાં ફોજદારી કાર્યવાહી શરૂ કરી શકાય છે. લગ્ન એ કોઈ વ્યાપારી લેવડદેવડ નથી, તે ભારતીય સમાજની એક મહત્વપૂર્ણ આયોજન છે જે એક પુરુષ અને સ્ત્રી વચ્ચેના સંબંધને સ્થાપિત કરવા માટે ઉજવવામાં આવે છે, જે ભવિષ્યમાં વધતા પરિવાર માટે પતિ-પત્નીનો દરજ્જો પ્રાપ્ત કરશે. બેન્ચે કહ્યું કે હિંદુ મેરેજ એક્ટની કલમ ૮ હેઠળ લગ્નનું રજિસ્ટ્રેશન જરૂરી છે અને આ એ વાતનો પુરાવો છે કે લગ્ન કલમ ૭ હેઠળ હિંદુ રીતિ-રિવાજો અનુસાર થયા છે. કલમ ૫ જણાવે છે કે સેક્શન ૭ ની જોગવાઈઓ અનુસાર લગ્ન રિવાજો અને ધાર્મિક વિધિઓ અનુસાર થવા જોઈએ. જો કોઈ લગ્નમાં તેની ગેરહાજરી જોવા મળે તો આવા લગ્નને કાયદાની દષ્ટિએ હિન્દુ લગ્ન ગણવામાં આવશે નહીં.

## પોલીસકર્મીઓએ જ બે કુકી મહિલાઓ ટોળાને સોંપી હતી

### સીબીઆઈની ચાર્જશીટમાં ચોંકાવનારો ખુલાસો

**(એજન્સી)મણિપુર,**
મણિપુરમાં કુકી-ઝોમી સમુદાયની બે મહિલાઓને પોલીસકમીઓ દ્વારા કથિત રીતે ટોળાને સોંપવામાં આવી હતી, જેમણે તેમને છીનવી લીધા હતા અને તેમની આસપાસ પરેડ કરી હતી. સીબીઆઈની ચાર્જશીટમાં આ માહિતી આપવામાં આવી છે. ન્યૂઝ એજન્સી અનુસાર, સીબીઆઈની ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે આ મહિલાઓએ કાંગપોકપી જિલ્લામાં પોલીસકમીઓના સરકારી વાહન (જિપ્સી)માં આશ્રય માંગ્યો હતો, પરંતુ તેઓએ બંને મહિલાઓને લગભગ ૧૦૦૦ મેઈતેઈ તોફાનીઓના ટોળાને સોંપી દીધી હતી. કહેવાય છે કે આ પછી બંને મહિલાઓને છીનવીને આસપાસ પરેડ કરવામાં આવી હતી. આ ઘટના રાજ્યમાં જાતિ હિંસા દરમિયાન બની હતી.ચાર્જશીટની વિગતો આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે પીડિત મહિલા પૈકી એક કારગિલ યુદ્ધમાં સેવા આપનાર સૈનિકની પત્ની હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે મહિલાઓએ પોલીસકમીઓને વાહનમાં સલામત સ્થળે લઈ જવા કહ્યું હતું, પરંતુ પોલીસકમીઓએ કથિત રીતે તેમને કહ્યું હતું કે તેમની પાસે વાહનની ચાવી નથી અને તેમણે કોઈ મદદ પણ કરી નથી.મણિપુરમાં ગયા વર્ષે ૪ મેની ઘટનાના લગભગ બે મહિના પછી જુલાઈમાં, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો જેમાં જોઈ શકાય છે કે બે મહિલાઓને પુરુષોના ટોળાએ ઘેરી લીધા હતા અને તેમને નગ્ન કરીને પરેડ કરવામાં આવી રહી હતી. સીબીઆઈએ ગયા વર્ષે ૧૬ ઓક્ટોબરના રોજ ગુવાહાટીમાં સ્પેશિયલ જજ, સીબીઆઈ કોર્ટ સમક્ષ છ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી.ચાર્જશીટમાં જણાવાયું છે કે બંને મહિલાઓ રાઈફલ, એસએલઆર, ઈન્સાસ અને .૩૦૩ રાઈફલ્સ જેવા અત્યાધુનિક હથિયારોથી સજ્જ લગભગ ૯૦૦-૧,૦૦૦ લોકોની ભીડથી બચવા ભાગી રહી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે સૈકુલ પોલીસ સ્ટેશનથી લગભગ ૬૮ કિમી દક્ષિણમાં, કાંગપોકપી જિલ્લામાં એક ટોળું બળપૂર્વક તેના ગામમાં પ્રવેશ્યું હતું.ટોળાથી બચવા માટે મહિલાઓ અન્ય પીડિતો સાથે જંગલમાં દોડી હતી, પરંતુ તોફાનીઓએ તેમને જોઈ લીધા હતા. અધિકારીઓએ જણાવ્યું કે ભીડમાંના કેટલાક લોકોએ મહિલાઓને મદદ લેવા માટે રસ્તાના કિનારે પાર્ક કરેલા પોલીસ વાહન પાસે જવા કહ્યું. બંને મહિલાઓ પોલીસ વાહનમાં પ્રવેશવામાં સફળ થઈ જેમાં બે પોલીસકમીઓ અને ડ્રાઈવર પહેલેથી જ બેઠેલા હતા, જ્યારે ત્રણ-ચાર પોલીસકમીઓ વાહનની બહાર હતા.એક પુરુષ પીડિત પણ વાહનની અંદર જવા માટે વ્યવસ્થાપિત થયો અને ડ્રાઈવરને તેમને સલામતી પર લઈ જવા માટે વિનંતી કરી, પરંતુ એમ પણ કહેવામાં આવ્યું કે ત્યાં કોઈ ચાવી નથી. પીડિતોમાંથી એકના પતિએ ભારતીય સેનામાં આસામ રેજિમેન્ટના સુબેદાર તરીકે સેવા આપી હતી. સીબીઆઈનો આરોપ છે કે પોલીસે ટોળાના હુમલાથી વાહનમાં બેઠેલા વ્યક્તિના પિતાને બચાવવામાં પણ મદદ કરી નથી.

## દિલ્હી-એનસીઆરની શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી



**(એજન્સી)નવી દિલ્હી,**
રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં દ્વારકામાં દિલ્હી પબ્લિક સ્કૂલમાં બોમ્બ હોવાની ચેતવણીનો કોલ મળ્યો હતો. મળતી માહિતી અનુસાર દિલ્હી-એનસીઆરની અનેક શાળાઓને સોમવારના રોજ ઈમેલ દ્વારા બોમ્બની ધમકીઓ મળી હતી, જેમાં તેમને તેમના પરિસરમાં બોમ્બ હોવાની ચેતવણી આપવામાં આવી હતી. એલર્ટના પગલે પોલીસે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. પ્રારંભિક તપાસ સૂચવે છે કે દિલ્હીની ઘણી શાળાઓને બોમ્બની ધમકીના સમાન ઈમેઈલ્સ મળ્યા છે.

મળતા અહેવાલ અનુસાર ત્રણ શાળાઓ-ચાણક્યપુરીમાં સંસ્કૃતિ સ્કૂલ, પૂર્વ દિલ્હીમાં મયુર વિહાર ખાતેની મધર મેરી સ્કૂલ અને દ્વારકામાં દિલ્હી પબ્લિક સ્કૂલને બોમ્બની ધમકીઓ મળી હતી. જેને પગલે તમામ વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં આવ્યા અને તેમની સુરક્ષા માટે તેમને ઘરે પાછા મોકલવામાં આવ્યા હતા તેમ પોલીસે જણાવ્યું હતું. દિલ્હી પબ્લિક સ્કૂલ, નોઈડાના પ્રિન્સિપાલ દ્વારા નિવેદન આપવામાં આવ્યું છે કે " શાળાને એક ઈમેલ મળ્યો છે જે વિદ્યાર્થીઓની સુરક્ષાને જોખમમાં મૂકે છે. સાવચેતીના પગલા તરીકે, અમે વિદ્યાર્થીઓને તાત્કાલિક ઘરે પાછા મોકલી રહ્યા છીએ. પૂર્વ દિલ્હીના મયુર વિહારમાં આવેલી મધર મેરી સ્કૂલને પણ બોમ્બ અંગેનો ઈમેલ મળ્યો હતો. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, શાળાને ખાલી કરાવવામાં આવી અને પરિસરની સંપૂર્ણ તપાસ કરાઈ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે અત્યાર સુધી મેઈલ ઘણી જગ્યાએ મોકલવામાં આવ્યો અને મેલમાં બીસીસીનો ઉલ્લેખ છે, જેનો અર્થ છે કે એક મેઈલ ઘણી જગ્યાએ મોકલવામાં આવ્યો છે. હાલમાં, તપાસ કરવામાં આવી રહી છે, દિલ્હી પોલીસે જણાવ્યું હતું. આમ દિલ્હીની અનેક શાળાઓમાંની ધમકી કરતા દિલ્હી પોલીસે કેસ નોંધ્યો છે. દિલ્હી-એનસીઆરની લગભગ ૧૦૦ જેટલી શાળાઓને બોમ્બ થી ઉડાડી દેવાની ધમકી આપવામાં આવી હતી. ઈમેલ દ્વારા મોકલવામાં આવેલી ધમકીમાં કહેવામાં આવ્યું છે કે, તેમાં લખ્યું છે કે, લોકોને ઈમારતોમાં દફનાવીશું.

## કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૧૯ રૂપિયાનો ઘટાડો

**(એજન્સી)નવી દિલ્હી,**
લોકસભા ચૂંટણી ૨૦૨૪ વચ્ચે એલપીજી સિલિન્ડરના ગ્રાહકોને થોડી રાહત મળી છે. એલપીજી સિલિન્ડરના ભાવ ૧૯ રૂપિયા બુધવારે ઘટી ગયા છે. એલપીજીના રેટમાં ઘટાડો ફક્ત કોમર્શિયલ સિલિન્ડરમાં થયો છે. ઘરેલુ સિલિન્ડરના ભાવમાં આ મહિને કોઈ ફેરફાર થયો નથી.

આઈઓસીના અનુસાર દિલ્હીમાં ૧૯ કિલોવાળા ઈન્ડેનના એલપીજી સિલિન્ડર એક મહિના એટલે કે આજથી ૧૭૬૪.૫૦ રૂપિયાની જગ્યાએ ૧૭૪૫.૫૦ રૂપિયામાં મળશે. માર્ચ ૧૭૯૫ રૂપિયા મળી રહ્યું છે.


મુંબઈમાં હવે આ૧૭૧૭.૫૦ રૂપિયાના બદલે ૧૬૯૮.૫૦ રૂપિયામાં મળશે. ચેન્નાઈમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડર હવે ૧૯૩૦.૦૦ રૂપિયાના બદલે ૧૯૧૧ રૂપિયામાં ઉપલબ્ધ થશે, આગરાથી અગરતલા અને કાશ્મીરથી કન્યાકુમારી સુધીના ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં આજે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

લખનમાં ઘરેલુ એલપીજી સિલિન્ડર ૮૪૦.૫ રૂપિયામાં મળશે. રાજસ્થાનના જયપુરમાં ઘરેલુ એલપીજી સિલિન્ડર ૮૦૬.૫૦ રૂપિયા છે, ગુરુગ્રામમાં ઘરેલુ સિલિન્ડરની કિંમત ૮૧૧.૫૦ રૂપિયા પર સ્થિર છે. પંજાબના લુધિયાણામાં ઘરેલુ સિલિન્ડરનો ભાવ ૮૨૯ રૂપિયા છે. બિહારના પટનામાં ઘરેલું સિલિન્ડર તેના જૂના ૯૦૧ રૂપિયાના દરે મળશે.


H.K.TRAVELS




અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289



કોમ્બો ઓફર્સ માં એક જ નામ
MAHESHWARI
Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals
DULHA PACKAGE
ફક્ત 1?,999/-
હેવી શેરવાની વર્ક સેટ (સાફો + દુપટ્ટો + મોજડી + માળા) + ટકસીડો સુટ (કોટ + પેન્ટ + શર્ટ + ટાઇ + કફલીંન્સ + હેન્કી) + ઈન્ડો વેસ્ટર્ન સેટ
SIDER PACKAGE
ફક્ત ?,999/-
સુટ (કોટ + પેન્ટ + શર્ટ) + કોટી - કૂર્તા સેટ + પેન્ટ - શર્ટ
3 Pant + 3 Shirt
Raymond DIGJAM Arvind
₹ 6,199/- ONLY Fabric+ Stitch
બુકીંગ પર લકી ડ્રો માં એક્સ્ટ્રા ડિસ્કાઉન્ટ લેવાનુ ચૂકશો નહીં.
પેકેજ પ્રાઇઝ ફક્ત રવિવાર સુધી જ રહેશે.
PALDI 5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge. 079 - 2660 7614
NARANPURA 2/29, Sunernagar Society, Beside Manish Hall,Nr. Kameshwar Mahadev, +91 9173-0-8282-7
BOPAL 110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction. +91 8686-8-8282-7

# સબરસ
અર્ધ સાપ્તાહિક પૂર્તિ

ગુરૂવાર તા.૨ મે, ૨૦૨૪ 3

વેસ્ટર્ન ટાઇમ્સ


# ડિજિટલ યુગમાં વધતા સાઈબર ગુનાઓથી સાવધાન રહો

## વર્તમાન ડિજિટલ યુગમાં ડિજિટલ માર્કેટિંગ વધી રહ્યું છે, ડિજિટલ કરન્સી પણ આવી રહી છે

**સમકાલીન**

ભારત હવે ડિજિટલ ઈન્ડિયા બની રહ્યું છે. ભારત ભલે કોમ્પ્યુટર અને ટેકનોલોજીના ઉપયોગમાં બે-ત્રણ દાયકા પાછળ રહ્યું હતું. પરંતુ હવે ડિજિટલ દુનિયામાં ભારતે મોટો કૂદકો માર્યો છે. ઓનલાઈન વેપાર, ઈ-કોમર્સ, ઓનલાઈન શિક્ષણ, ઈ-ગવર્નન્સ અને ખાસ કરી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમમાં ભારત ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે. ૨૦૧૬માં નોટબંધીની સૌથી મોટી અસર ડિજિટલ ક્રાંતિ છે. નોટબંધી પછી ધંધા, વેપાર વ્યવસાય અને સેવાના ટુલ્સ-સાધનો બદલાયા, સ્વરૂપ બદલાયા અને રીત પણ બદલાઈ ગઈ છે. સ્વરૂપ બદલાયા અને રીત રીત પણ બદલાઈ ગઈ છે. છેલ્લા એક દાયકામાં ભારતનું અર્થતંત્ર મજબૂત બની રહ્યું છે. તેની સાથે અર્થતંત્રના સપોર્ટમાં ડિજિટલ સિસ્ટમે ખૂબ મોટો ભાગ ભજવ્યો છે. ભારતનું બેન્કિંગ ક્ષેત્ર અન્ય દેશો કરતાં મજબૂત છે અને મહત્તમ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યું છે. વર્તમાન ડિજિટલ યુગની સૌથી મોટી પડકારજનક આડ પેદાશ સાઈબર ગુનાઓ અને ફ્રોડ વધી રહ્યા તે છે. આજના ડિજિટલ યુગમાં દરેક લોકો સોશિયલ મીડિયાથી જોડાયેલા છે. સાઈબર ગઠિયાઓ આવા પ્લેટફોર્મનો ઉપયોગ કરી આર્થિક છેતરપિંડી અને અનેક પ્રકારના ગુનાઓને અંજામ આપી રહ્યા છે. વધતા સાઈબર ક્રાઈમને નાથવા માટે સાઈબર કાયદો ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ અમલમાં આવ્યો છે. ઈન્ટરનેટનો ઉપયોગ કરી લોકો સાથે છેતરપિંડી કે લોકોને ફસાવી ધમકાવી કોઈપણ પ્રકારના ગુનાઓ કરતાં ગુનેગારો સામે ભોગ બનતા લોકોને કાનૂન રક્ષણ પૂરું પાડે છે અને પોલીસ તંત્ર તરફથી જાગૃતિ માટે પ્રયાસ પણ થઈ રહ્યા છે. પરંતુ દરરોજ અસંખ્ય સાઈબર ક્રાઈમ ફોર્ડ બની રહ્યા છે. આ ડિજિટલ યુગમાં વધી રહેલા સાયબર ગુનાઓથી સાવચેત જાગૃત અને સાવધાન રહો તે શ્રેષ્ઠ ઉપાય છે. તાજેતરમાં ડિજિટલ એરેસ્ટ નવો શબ્દ સાંભળવા મળ્યો છે. સુરતમાં એક મહિલા તબીબને મની લોન્ડરીંગ કેસના નામે ધમકાવી ડિજિટલ અરેસ્ટ કરી પૈસા પડાવવાના સમાચાર સામે આવ્યા છે. નકલી મુંબઈ પોલીસ અને નકલી સીબીઆઈના નામે મહિલાને ફોન કરી તમારી સામે બેંક ખાતાઓમાં થયેલા વ્યવહારો માટે મની લોન્ડરીંગનો કેસ થયો છે. તેમને વીડિયો કોલ કરી સીબીઆઈનો લોગો દેખાડી એફઆઈઆર નંબર મોકલી ડિજિટલ અરેસ્ટ જેવી પરિસ્થિતિ ઊભી કરી પૈસા પડાવવાની ચોંકાવનારી ઘટના બની છે. આખરે સુરતમાં આ છેતરપિંડીની પોલીસ ફરિયાદ દાખલ થઈ છે. ફોન કરી પૈસાની મદદ માંગવી કે પાસવર્ડ ઓટીપી માંગી ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કરી લેવાની ઘટનાઓ સામાન્ય બની રહી છે. દરરોજ વર્તમાન પત્રોમાં સાઈબર છેતરપિંડી કે નિતનવા ગુનાઓ બની રહ્યા છે.

વિદેશના વિઝા લેવા માટે ડુપ્લીકેટ માર્કશીટ અને સર્ટીફિકેટ બનાવી લાખો રૂપિયા પડાવી લેવાનું આંતરરાજ્ય કૌભાંડ ખુલ્યું છે. આ પણ સાયબર ક્રાઈમ છે. વિદેશ જવાની લાલચમાં લોકો છેતરાઈ રહ્યા છે. માણસ સોશિયલ મીડિયાની માયાજાળમાં ફસાફેલો છે તેનો ફાયદો ડિજિટલ ગઠિયો ઉઠાવી રહ્યા છે. ખોટા ફોન કરી લોકોને જાળમાં ફસાવવા માટે મોટી સંખ્યામાં ટોળકીઓ સક્રિય છે. ધંધો-વ્યવસાય હોય કે પછી સામાન્ય જીવન, ટેકનોલોજી અને સોશિયલ મીડિયાથી જોડાયેલ છીએ. એટલે જો સાવધાની રાખવામાં નહીં



આવે તો છેતરપિંડી કે કોઈ મોટા ગુનાઓનો ભોગ બની જવાય તેવી સ્ફોટક પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

છેતરીને કે પછી ધમકાવી અથવા તો બ્લેકમેલ કરીને પૈસા ટ્રાન્સફર કરાવી લેવામાં આવે છે. સાઈબર ગુનાઓને કોઈ સીમાડા નડતા નથી. પરિણામે પોલીસની પહોંચથી દૂર રહે છે. જો વ્યક્તિ ખુદ જાગૃત નહીં રહે તો સાઈબર ફોર્ડના પૈસા પરત મેળવવા મુશ્કેલ છે. પરંતુ જો ડિજિટલ ફોર્ડનો ભોગ બનનાર ખુદ ઝડપથી ૧૯૩૦ નંબર ઉપર જાણ કરે તો તેવા સંજોગોમાં ગયેલા પૈસા પરત મળી શકે છે. કોઈપણ ગુનામાં ફસાયા પછી પણ ઝડપથી પોલીસ ફરિયાદ કરવી તે હિતાવહ છે. હવે બાળકો હોય કે મહિલા હોય દરેક ઉંમરના લોકો સાઈબર ક્રાઈમનો ભોગ બની રહ્યા છે. શિક્ષિત કે અભણ, ગામડું હોય કે શહેર હોય લોકો સાથે સાઈબર ક્રાઈમ બની રહ્યા છે.

વર્તમાન સમયે હનીટ્રેપ કે ન્યુડ વીડિયો કોલ કરી લોકોને ફસાવનારી અનેક ગેંગ સક્રિય છે. ફસાયેલા લોકો ચૂપચાપ પૈસા આપે દે છે. અતિશય થાય અથવા હિંમત કરી પોલીસ ફરિયાદ કરે ત્યારે જ વિગત બહાર આવે છે. તાજેતરમાં સુરતમાં હનીટ્રેપ કરતી એક કરતાં વધુ ટોળકીનો પર્દાફાશ થયો છે. નોકરી આપવાની લાલચ કે આર્થિક અન્ય લાભની લાલભ આપી લોકોને ઓનલાઈન જોડે છે. થોડા દિવસ પહેલાં ગાંધીનગરના નિવૃત્ત ઉચ્ચ અધિકારીએ શોર્ટ ટ્રેનિંગ ના નામે ૨૧ લાખ ગુમાવ્યા છે. ફોનમાં આવતી એપ્લિકેશન ડાઉનલોડ કરી ગ્રુપમાં જોડી છેતરપિંડી કરવામાં આવે છે.

મોબાઈલ, કોમ્પ્યુટર, લેપટોપ, ટેબલેટકે ઈન્ટરનેટના માધ્મથી કોઈપણ પ્રકારની લાલચ, છેતરપિંડી ધાક-ધમકી, નાણાંકીય ફોર્ડ, અપમાનજનક ભાષાનો ઉપયોગ પાસવર્ડ કે ઓટીપી ડેટા ચોરી જેવા ગુનાઓને સાઈબર ક્રાઈમ કહેવાય છે અને ડિજિટલ

**સાઈબર ગુનાઓને કોઈ સીમાડા નડતા નથી. પરિણામે પોલીસની પહોંચથી દૂર રહે છે. જો વ્યક્તિ ખુદ જાગૃત નહીં રહે તો સાઈબર ફ્રોડના પૈસા પરત મેળવવા મુશ્કેલ છે**

નાણાંકીય છેતરપિંડીને સાઈબર ફોર્ડ કહેવામાં આવે છે જે સાઈબર ક્રાઈમનો જ એક પ્રકાર છે. સાઈબર કાયદાથી સાઈબર ક્રાઈમ સામે લોકોને રક્ષણ મળે છે. પરંતુ ભોગ બન્યા પછી પોલીસ ફરિયાદ કરવાની હિંમત અને જાગૃતિ રાખવી જોઈએ તેના કરતાં સાઈબર ક્રાઈમનો આપણે ભોગ જ બનીએ તેટલી સાવધાની રાખવી ખૂબ જરૂરી છે.

ઘણીવાર માણસની ભૂલ ના હોય પરંતુ ટેકનિકલ ભૂલ કે ટેકનિકલ સિસ્ટમથી ગુનાઓ થતાં હોય છે. હેકીંગ, ડેટા ચોરી, સાઈબર બુલિંગ, સોશિયલ મીડિયા ફોર્ડ, નાણાંકીફ ફોર્ડ અથવા તો માલવેર કે રેન્સમવેર વાઈરસથી કોમ્પ્યુટરમાંથી ડેટા ચોરી અને પછી નાણાં છેતરપિંડી થતી હોય છે. ઈન્ટરનેટ લોન એપથી ઘણા લોકો છેતરપિંડીનો ભોગ બને છે. બનાવટી લિંક કે ફેક કોલ ડેટાથેફટ અને કસ્ટમર કેરમાં ફેક નંબર મૂકી લોકો સાથે સરળતાથી આર્થિક છેતરપિંડી થાય છે.


એસઆઈએમ સ્વેપ કે એસઆઈએમ કલોનિંગ ફોર્ડ પણ વધી રહ્યા છે. સાઈબર ગઠિયા મોબાઈલ નેટવર્કના કર્મચારી બની ૪જીમાંથી ૫જીમાં કન્વર્ટ કરવાના બહાને માહિતી મેળવી લે છે અને છેતરપિંડી આચરે છે. કોઈપણ વ્યક્તિ સોશિયલ મીડિયાના માધ્યમથી છોકરા કે છોકરીને માનસિક પરેશાન કરે જાતીય શોષણ ધમકી આપવી કે છબિ ખરાબ કરવાનો પ્રયાસ કરવો એ બુલિંગ કહેવાય છે જે સાઈબર ક્રાઈમ છે.

ચાઈલ્ડ પોનોગ્રાફી સૌથી મોટું દૂષણ છે. બાળકોના અશ્લીલ વીડિયો, ફોટોગ્રાફસ સંબંધિત મટિરિયલ બનાવવું, રાખવું ડાઉનલોડ, અપલોડ અને શેર કરવું તે ગંભીર અપરાધ છે જેમાં પાંચ વર્ષ સુધી કેદ અથવા રૂપિયા ૧૦ લાખ સુધીના દંડની જોગવાઈ છે. સાઈબર ક્રાઈમથી બચવા માટે લોકોએ જાગૃતિ દાખવવાની જરૂર છે. પિન નંબર કે ઓટીપીની માહિતી અજાણ્યાને ન આપવી. સોશિયલ મીડિયામાં કોલ, અજાણી વ્યક્તિનો વીડિયો કોલ અને રિકવેસ્ટ સ્વીકારો નહીં. કોઈ કાર્ડ કે બેંક ખાતાની વિગત અજાણ્યા વ્યક્તિને ન આપો. મોબાઈલ કોમ્પ્યુટરના પાસવર્ડને સુરક્ષિત રાખો અને સમયાંતરે તે બદલતા રહો. ફ્રી લોન, ફ્રી ઈન્ટરનેટ કે મફતમાં મળનાર કોઈ લાભ માટે અજાણી લિંક ક્લિક કરશો નહીં. મોટે ભાગે કોઈને કોઈ રીતે પૈસાની માગણી કરે તો અજાણી વ્યક્તિને પૈસા ટ્રાન્સફર કરવા નહીં.

વર્તમાન ડિજિટલ યુગમાં માર્કેટિંગ વધી રહ્યું છે. ડિજિટલ કરનસી પણ આવી રહી છે. ડિજિટલ નાણાંકીય વ્યવહાર કર્યા વગર છૂટકો જ નથી તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. પરંતુ સામાન્ય માણસ સતત ડિજિટલ ફોર્ડ થવાના ડરથી પીડાઈ રહ્યો છે. સાઈબર ફોર્ડનો ભોગ બનવું હોય તો ટેકનોલોજીના જાણકાર બનો અને સાવધાન રહો પરંતુ તેમ છતાં સાઈબર ક્રાઈમનો ભોગ બન્યા તો તુરંત પોલીસને જાણ કરવી જોઈએ નવા યુગની આ છેતરપિંડી સામે લોકોએ વધુમાં વધુ જાગૃત થવાની જરૂર છે.

# સોશિયલ મીડિયા ઉપર વાઈરલ થવાના ધખારામાં સન્માન દાવ પર લાગી જાય એનું શું?

'સોશિયલ મીડિયા' આજના સમાજ માટે સારું છે કે ખોટું તે આપણે હજી સુધી નક્કી નથી કરી શક્યા. આમાં કદાચ ત્રીસ સિત્તેરનો રેશિયો આવી શકે. આ સવાલ મનમાં ઉદભવે ત્યારે કદી એવો વિચાર આવે છે કે સોશિયલ મીડિયાનો હાઈપ ક્રીએટ કરનાર મૂળ તો આપણે જ છીએને? તેને આટલું મહત્વ આપનાર પણ આપણે જ છીએ. તાજેતરમાં બે કિસ્સા એવા બન્યા જે આપણને ઘણાં વિચારો કરતાં કરી મૂકે. હમણાં તામિલનાડુના તિરુવલ્લુરની એક નવ વર્ષની છોકરીને તેના પિતાએ ઘરે જઈને ભણવા બેસવા માટે કહ્યું એ માટે આત્મહત્યા કરી લીધી. હવે આ છોકરીને તેની આસપાસના લોકો 'ઈન્સ્ટા કવીન' કહીને બોલાવતા હતા. તે અવારનવાર ઈન્સ્ટા ઉપર રીલ્સ બનાવીને પોસ્ટ કરતી હતી. સાવ નવ વર્ષની છોકરીને ભણવા બેસવાનું કહેવાથી તે આટલું મોટું પગલું ભરી લે એ કેટલી દુ:ખદ વાત, એવું એના મગજમાં કેવી રીતે આવ્યું હશે? તો બીજો કિસ્સો દિલ્હીનો છે. દિલ્હીમાં એક છોકરી મેટ્રોમાં સેમી ન્યૂડ કપડાં પહેરીને ફરતી જોવા મળી હતી. કોઈને તેનાં કપડાંથી જજ ન કરવા, પણ પબ્લિક ટ્રાન્સપોર્ટમાં આવાં કોન્ટ્રેવર્સિયલ કપડાં પહેરીને જવાનો શું મતલબ? એ છોકરીનાં કપડાં એવાં હતાં કે એના ઉપરથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું કે તે વાઈરલ થવા માંગે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એવું છે કે જેમાં તમે રાતોરાત ફેમશ બની શકો છો. એક વાર બસ તમારા વીડિયો કે તમારી હરકત વાઈરલ થઈ જાય એટલે વાત પૂરી. અહીં કાચા બદામવાળા કાકાને તેમના ગીતના કારણે જબરી પબ્લિસિટી મળી જાય છે. તો બચપન કા પ્યારવાળો છોકરો પણ આવી જ રીતે પ્રસિદ્ધ થઈ જાય છે. હવે ફેમસ બનવું હોય તો તમારે ફિલ્મોમાં જવાની રાહ નથી જોવી પડતી. તમારે સ્ટ્રગલ નથી કરવી પડતી, તમે કોઈ ઉટપટાંગ હરકત કરીને સોશિયલ મીડિયા ઉપર તે પોસ્ટ કરી દો. તે વાઈરલ થઈ જાય એટલે ફેમસ. નો ડાઉટ આ પ્લેટફોર્મ તમને ઘણી કમાણી કરાવે છે. આ પ્લેટ ફોર્મ થકી અઢળક લોકો ધૂમ કમાણી કરે જ છે, પણ આ પ્લેટફોર્મમાં સફળ થવા લોકો કેટકેટલાં ત્રાગડ કરે છે એ પણ ચિંતાજનક વિષય છે.



### સફળતા માટે તમે શું શું કરી શકો?

સોશિયલ મીડિયામાં સફળ થવાની લાલચ અને ઓછી મહેનતને અઢળક કમાણી કરવાની લાલચ વ્યક્તિને કઈ હદ સુધી લઈ જાય તે ખરેખર ચિંતાજનક બાબત છે. અરે, એક વાર સફળતા મળી જાય પછી એને ટકાવી રાખવા. લાઈક કે કોમેન્ટ બાબતે સખત ઈમોશનલ લોકો જો એ ન મળે તો કેટલાં નાસીપાસ થઈ જાય છે અથવા તો એ મેળવવા કેટલું વિવાદાસ્પદ વર્તન કરી શકે છે એ પણ ગંભીર વિષય છે. આંકડાઓ કહે છે કે સોશિયલ મીડિયાના કારણે આત્મહત્યાના કારણે આત્મહત્યાના કેસમાં પણ છેલ્લાં પાંચ વર્ષમાં ચાલીસ ટકા જેટલો વધારો થયો છે. ખેર, આજકાલ સોશિયલ મીડિયા પર જો બહુ જ કોમન ટ્રેન્ડ ચાલતો હોય તો એ છે વિવાદાસ્પદ બનવું. તમારે અહીં સફળ થવું છે, તમારે અહીં સફળતાને કાયમ રાખવી છે તો તમારાથી થાય એટલા વિવાદાસ્પદ બનો. પહેલાંની માફક સત્ય કે પ્રામાણિકતાનું મહત્વ ઓછું થઈ ગયું છે. અલબત્ત, બધાં એવા નથી, ઘણાં લોકો સોશિયલ મીડિયા ઉપર સારું કન્ટેન્ટ પીરસતાં હોય છે, એ કન્ટેન્ટ માટે તેઓ મહેનત પણ કરતાં હોય છે, પરંતુ ઘાં સરખા નથી હોતા, અધૂરો ઘડો છલકાયા વગર રહે નહીં એ મુજબ ઘણાં લોકો સોશિયલ મીડિયા પર ફેમસ બની રહેવા અનેક ન કરવાનાં ધતિંગ કરે છે, એમાં બીજાને નીચા દેખાડવાથી માંડીને પોતાના વિવાદાસ્પદ વીડિયો, બેફામ ગાળો બોલવી, કોઈની સાથે થયેલી અંગત ચેટના સ્ક્રીનશોટ જાહેરમાં મૂકવા વગેરે ઘણી બાબતોનો સમાવેશ થાય છે. વાત માત્ર એટલી જ છે કે ફેમસ થવા માટે લોકો કેટલી હદ સુધી જઈ શકે છે એ નક્કી કરવું અઘરું છે.



### અહીં કોઈ ધારાધોરણો નથી

સોશિયલ મીડિયા એવું પ્લેટફોર્મ છે જ્યાં કોઈ ધારાધોરણો લાગુ નથી પડતાં, એટલે લોકો બેફામ બનીને ઘણું પોસ્ટ કરી શકે છે. નો ડાઉટ, આપણે ડેમોક્રેસીમાં માનીએ છીએ, આપણે આઝાદ દેશના આઝાદ નાગરિકો ખરાં જ, પણ જાહેર પ્લેટફોર્મ ઉપર તમે કેવું વર્તન કરો છો તે તમારે જાતે જ નક્કી કરવું પડતું હોય છે. જાહેરમાં અમુક પ્રકારનું વર્તન તમને ન શોભે. મન ભરીને જીવવામાં અને અણછાજતું વર્તન કરવામાં ઘણો ફેર હોય છે. તમે સારું વર્તન કરીને પણ મનભરીને જીવી શકો છો, એના માટે વિવાદાસ્પદ વર્તન કરવાની જરૂર નથી, પણ હવે લોકો પ્રસિદ્ધિ મેલવવા માટે સૌથી સરળ રસ્તો એટલે કે વિવાદોમાં ઉતરવાનું પસંદ કરતાં થયા છે. અહીં વિવાદાસ્પદ વર્તન અને વચનથી લોકો બહુ જલદીથી વાઈરલ બની શકે છે એટલે ખોટી મહેનત કરવાને બદલે વિવાદાસ્પદ બની ને કે વર્તન કરીને સરળતાથી ટ્રોલ થવાનું વધારે પસંદ કરે છે. આવું કરવાનો મતલબ શું? આ સફળતા ક્યાં સુધી ટકી શકે?

### હાર્યો જુગારી બમણું રમે

તમે એક વાર વિવાદાસ્પદ વર્તન કે વચનથી વાઈરલ થઈ જાવ અને લોકો તમને ઓળખતાં થઈ જાવ પછી શું? એક વાર એવું બને કે તમે કંઈક પોસ્ટ કર્યું, તમે કંઈક વિવાદાસ્પદ વાત કે વસ્તુ પોસ્ટ કરી અને તે વાઈરલ થઈ ગઈ પછી લોકો માટે એ સફળતાની સીડીસમાન બની જાય છે. પછી તમે સફળ થવા માટે સતત એવું જ કન્ટેન્ટ શોધતા રહો છો જે વિવાદાસ્પદ હોય અને જે તમને ફરી વાઈરલ કરીને અઢળક લાઈક કે કમેન્ટ અપાવે. આવું કરવામાં ઘણી વાર વ્યક્તિ કેટલી હદ સુધી જતી રહે છે તે તેને પણ નથી ખબર રહેતી. અહીં હાર્યો જુગારી બમણું રમે જેવી પરિસ્થિતિ સર્જાય છે. એક વાર ફેમસ થયા પછી એ સફળતા ટકાવી રાખવા પહેલાં કરતાં પણ વધારે દમદાર રીલ મૂકવી પડે એવું વિચારી લોકો ઘણી સીમા ઓળંગી નાખતાં હોય છે. અહીં એક વિચાર એવો કરવો કે વિવાદાસ્પદ વર્તન કે વચન તમનો સફળ બનાવી શકે પણ તમારા સન્માનનું શું? શું વિવાદાસ્પદ વર્તનથી મળેલી સફળતા તમારા સન્માનને ટકાવી શકશે?

# કર્મચારીઓને લાંબાગાળા સુધી જોડી રાખવા એ હંમેશા પડકાર

સારા કર્મચારીઓ મળવા અને તેમની કંપની જોડે લાંબાગાળા સુી જોડી રાખવા તે હંમેશા એક પડકાર રહે છે. પૈસા કે પગાર એક માત્ર કારણ નથી હોતુ કે જેનાથી કર્મચારી કંપની સાથે જોડાયેલો રહે. તેમને સતત પ્રોત્સાહિત રાખીને તેમને કામના વખાણ કરીને તેમને સન્માનિત કરવા તેમના કુટુબીજની સિધ્ધીની પણ નોંધ લેવી વગેરે. આ રીતે તેઓ પોતાના કામ પરત્વે પ્રોત્સાહિત રહેશે.અને કામની ગુણવત્તા જળવાયેલી રહેશે. નાની નાની બાબતોની પણ નોંધ લઈને તે માટે તેમને શાબાશી આપવામાં આવશે તો તેની સીધી અસર તેમની કાર્યક્ષમતા પર દેખાશે.



પ્રતિભા માટેના આજના યુધ્ધમાં કંપનીઅનો તેનું મેનેજમેન્ટ વૃધ્ધી અને કર્મચારી ઉત્પાદકતામાં વધારો કરતી વખતે તેમના ટોચના કર્મચારીઓને આકર્ષવા અને જાળવી રાખવા માટેની વ્યુહરચના શોધી રહ્યા છે. ફલેકસિબાલ કાર્યસ્થળોને ડીઝાઈન કરવા માટે નવા લાભો ઓફર કરવાથી કાૃયસ્થળને શ્રેષ્ઠ કરવાના કંપનીના પ્રયાસો હંમેશાની જેમ મજબુત છે. પરંતુ નવા વિચારો અને અભિગમો માટેની તેમની શોધમાં, સંસ્થાઓ સૌથી વધુ સરળતાથી ચલાવવામાં આવતી વ્યુહરચનાઓ માંથી એકને અવગણી શકે નહીં અને તે છે કર્મચારીની પારખવા અને તેમની કદર કરવી.

એક સર્વેક્ષણ મુજબ યુએસથી ત્રણમાંથી માત્ર એક જ કામદાર ભારપૂર્વક સંમત છે કે છેલ્લા સાત દિવસમાં સારૂં કામ કરવા બદલ તેમને માન્યતા અથવા પ્રશંસા મળી છે. કોઈપણ કંપનીમાં, કર્મચારીઓને એવુ લાગે કે તેમનો શ્રેષ્ઠ પ્રયાસોને નિયમિતપણે અવગણવામાં આવે છે એ અસામાન્ય નથી. વધુમાં જે કર્મચારીઓ પર્યાપ્ત રીતે કદર નથી થતી તેઓ આગામી સમયમાં નોકરી છોડી દેશે એવી શક્યતા બમણી છે. કર્મચારીની કંપની જોડે જોડાણ અને કામગીરીનું આ તત્ત્વ સંચાલકો માટે ચુકી ગયેલી સીધી મોટી તકોમાંથી એક હોઈ શકે છે. તેથી જ મેનેજમેન્ટ આ બાબત સતર્ક રહીને વિવિધ રીતે કર્મચારીને સમયાંત્તરે તેમની વિવિધ કામગીરી અને પ્રતિભા માટે તેમની કદર અને પ્રશંસા બંન્ને કરવી રહી.

કર્મચારીને પ્રેરીત રાખવા એ ખુશ અને સંતુષ્ટ કર્મચારીઓની ચાવી છે. એક ખુશ હેપી કાર્યસ્થળમાં ઉચ્ચ ઉત્પાદકતા હોય છે. અને ઉચ્ચ ઉત્પાદકતા એ કર્મચારીઓ જાળવણીનુ માપદંડ છે અને કામના સ્થળે સુધી કાર્યસ્થળ અને કાર્ય સહયોગ સાથે સંશક્ત કર્મચારીઓ છે. એમ્પ્લોયરો આજે ટીમ સ્પિરીટ, સોશ્યલ નેટવર્ક અને કામ પર ક્રિયા પ્રતિક્રિયાને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ કર્મચારી પ્રેરણા વિચારો સાથે આવે છે.

તેઓ પીકનિક એવોર્ડ સમારોહ, સ્ટાર કર્મચારી મૂલ્યાંકન અને અન્ય ઘણી વ્યુહરચનાઓને પણ પ્રોત્સાહિત કરે છે. પરંતુ અમે ઘણીવાર એ હકીકતને અવગણીએ છીએ કે સૌથી સરળ વ્યુહરચના એ કર્મચારીની પ્રેરણા જ છે. કર્મચારીની પ્રેરણા પુરસ્કારો, સામાજીક ટીમ આઉટીંગ્સ, વખાણ, અને ઉચ્ચ પ્રદર્શન કરનારાઓ માટે પોઈન્ટ દ્વારા હોઈ શકે છે. ઉચ્ચ પ્રદર્શન કરનારાઓને ઓળખવા અને તેમને પુરસ્કાર આપવો એ ઉચ્ચ કર્મચારીઓની ઉત્પાદકતા અને પ્રદર્શન માટે શ્રેષ્ઠ સાધન છે.

જો એ વિશેના ઉદાહરણની વાત કરીએ તો આપણી આજુબાજુમાં પણ પ્રસંગો અને ઉદાહરણો જોવા મળશે. ડોમિનોઝ કે મેકડોનાલ્ડમાં તમે જોશો કે તે કર્મચારીને તેની સારી કામગીરી બદલ કોઈ સ્ટાર કે તે પ્રકારના કોઈ બેજ આપેલા હશે. કે જે તેને પોતાના કપડાં પર લગાડ્યો હશે. અને તેને જોઈને તરત જ સામેની વ્યક્તિ પણ તેની નોંધ લશે. આ નાની ઘટના પણ તે કર્મચારીને ઘણુ મોટુ પ્રોત્સાહન આપશે. અને આગામી સમયથી સારી કામગીરી કરશે. ત્યાં જ એ સ્ટોરમાં એમ્પ્લોયી ઓફ વીક તરીકે કોઈ કર્મચારીનો ફોટો લગાડેલ હશે અને તમે તે જોઈને તરત જ અનાયાસે જ તેન શોધશો અને જોશો કે આ અઠવાડીયાનો શ્રેષ્ઠ કર્મચારી કોણ છે કે જેનો ફોટો અહીં પ્રદર્શિત કરેલો છે.

આ કારણે ક્યારેક કર્મચારીઓ માં સારી કામગીરીને કારણે આગામી સમયમાં આ એક નાનો ખિતાબ જીતવાની સ્પર્ધા રહેશે. અને સ્ટોરમાં તે કારણથી બધા જ સારી કામગીરી કરતા રહેશે. આવી જ રીતે તેમને વિવિધ સ્પર્ધા કે માપદંડો પર મૂલ્યાંકન કરો અને વાર્ષિક ખિતાબ પણ આપવામાં આવશે. અને તે તેમના માટે ઘણી મોટી સિધ્ધી અને પ્રોત્સાહન હશે અને બદલામાં તેઓ પોતાનુ શ્રેષ્ઠ પ્રદશન કરતા રહેશે.

આ તો કામને લગતી બાબતોની વાત થઈ. કાર્યક્ષેત્રની સાથે સાથે ઘણા કર્મચારીઓમાં બહુવિધ પ્રતિભાઓ હોય છે. જેમ કે તેઓ સ્પોર્ટસ, લેખન, ચિત્રકામ કે સંગીત જેવા ઘણા વિષયોમાં નિપૂણ હોય છે. તેમની આવી બીજા ક્ષેત્રની સિધ્ધીની પણ નોંધ લેવામાં આવે તેમને તે પ્રતિભા બતાવવાનો મોકો આપવામાં આવે તો ચોક્કસપણે તેને ઘણા પ્રોત્સાહિત રહેશે અને તેમની કંપની પ્રત્યેનો લગાવ અને માન બંન્ને વધતા રહેશે. અને આજ બધા કારણો કે આર્થિક બાબતો સાથે સકળાયેલા ન થી પરંતુ તે કર્મચારીને પૈસા પણ વધુ પ્રોત્સાહિત કરશે. કારણ કે તેને અહીં તેની બીજી પ્રતિભા બદલ કંપનીમાં માન અને આદર મળ્યુ છે.

કુટુંબ અને કુટુબીજનો દરેક વ્યક્તિ માટે ઘણા મહત્ત્વના હોય. જો કંપનીતેની સાથે સાથેતેના કુટુંબીજનોની સિધ્ધી અને પ્રતિભાની નોંધ લે તો સોનામાં સુગંધ જેવી પરિસ્થિતિ થશે. ઘણી કંપનીમાં કર્મચારીના બાળકોને તેમના સ્કુલના પરિણામ અને બીજી સિધ્ધી બદલ સન્માનિત કરવામાં આવે છે. કંપનીના મેગેઝીન કે વેબસાઈટ પણ બાળકોના ફોટો મુકવામાં આવે કે તેમને બનાવેલું કોઈ ચિત્ર કે તેમને લખેલી કવિતા પ્રદર્શિત કરવામાં આવે તો તે કર્મચારી માટે ઘણુ મોટુ સન્માન એન્ડ પ્રોત્સાહન બની રહેશ.

તે આ મેગેઝીન બધાને કુટુંબમાં અને શાળામાં વર્થી બતાવશે અને તેમાં તેની સાથે સાથે તમારી કંપનીની પણ એક સારી છબી ઉભી થશે. એ જોનારા દરેક વ્યક્તિ તેની સિધ્ધીની જોડે જોડે તમારી કંપનીવિષે પણ એક હકારાત્મક ચિત્રણ કરશે. એમ વાત કરશે કે આવી જગ્યાએ જ નોકરી કરવી જોઈએ. કે બીજા કુટુબીજનોને આ કંપનીમાં નોકરી મેળવવા માટે પ્રેરિત કરશે. આમ, તમારી કંપનીની પણ એક સારી છાપ ઉભરશે. અને ભવિષ્યમાં બીજા ઘણા લોકો તમારી સાથે જોડાવા માટે તત્પર રહેશે.

કર્મચારીને સમયાંત્તરે પ્રોત્સાહિત કરવા અને તેમની આવડતની કદર કરવી એ વિષયને એક વાતાવરણ કે સંસ્કૃતિ તરીકે જ કંપનીમાં એમલીકરણ કરવામાં આવે તો કંપની ચોક્કસે એક પ્રેરિત અને પ્રોત્સાહિત કર્મચારીઓની ખોટ નહી પડે. અને તે કંપની એક હેપ્પી વર્કપ્લેસ તરીકે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી શકશે. અને તે કારણે કંપની સારી પ્રતિભાઓને નોકરીમાં રાખીને લાંબાગાળા સુધી પોતાની સાથે જાળવી રાખશે.

# મધ્યપ્રદેશના અમરનાથ એટલે નાગદ્વારા

ધર્મ અને સંસ્કૃતિના અદભૂત સમન્વયી જીવતા હિન્દુસ્તાનના લોકો પ્રકૃતિના તમામ તત્વોને ધ્યાને રાખીને બેઠા છે. એટલું જ નહી પ્રકૃતિના તત્વોને ધાર્મિકતા સાથે જોડી પુજનીય બનાવ્યા છે. પ્રકૃતિ નહી રહે તો મનુષ્યનું અસ્તિત્વ પણ જોખમમાં જ છે. આ વાત હિન્દુસ્તાન ઋષીમુનિઓ વરસો પહેલા સમજી ચુકયા હતા. વિશ્વમાં અત્યારે પર્યાવરણના અસહ્ય ફેરફારથી આ વાત સમજી શકાય છે. સનાતનના દરેક ધાર્મિક સ્થાન વિશીષ્ટ છે. દેશવાસીઓ વિવિધ સ્થળે જાય છે. ત્યાં પ્રવાસન ભલે વિકસ્યું પણ મુળળ તત્વ તો ધાર્મિકતા સાથે જ હોય છે. ઉત્તરાખંડ તો દેવભુમી જ છે. હીમાચલ, અમૃતસર દક્ષીણ ભારત કે ગમે તે સ્થળ જાઓ દરેક જગ્યાએ ધાર્મિકતા સાથે પ્રકૃતિ અપરંપાર રીતે જોવા મળશે. હિન્દુઓની કઠીન યાત્રામાં બર્ફાની બાબા એટલે કે, અમરનાથનો સમાવેશ થાય છે. ચાર ધામની યાત્રા પણ રોમાંચ સાથે થાય છે. શિયાળામાં બરફ હેઠળ આવી જતાં તિર્થ સ્થાનો બરફ પીગળે છે. પછી ખૂલે છે. અમરનાથ કાશ્મીરમાં છે. પરંતુ મધ્યપ્રદેશમાં પણ અમરનાથ જેવી જ યાત્રાનો અનુભવ થાય તેવું ધાર્મિક સ્થળ છે. ફર્ક એટલો જ છે કે અહી બરફ નથી.



જેવી રીતે અમરનાથની યાત્રા અમુક સમય દરમ્યાન થાય છે. તેવી જ રીતે મધ્યપ્રદેશમાં પણ મર્યાદીત સમય માટે જ દર્શન માટે મંદીર ખૂલે છે. મધ્યપ્રદેશના આ મંદીરનું નામ નાગદ્વાર છે. વરસમાં માત્ર ૧૦ દિવસમાં માટે જ ભાવીકો માટે ખુલે છે. આ સમયે સરકાર અને પ્રવાસન વિભાગ દ્વારા મેળાનું પણ આયોજન થાય છે. આ મંદીરે પહોચવા માટે આશરે ૧૪ કિલોમીટર પગપાળા જ જવું પડે છે. સતપુડાના પંચમઢી પર્વતીય વિસ્તારમાં આ મંદીર આવેલું છે. જંગલનો વિસ્તાર અને સાત પહાડ પસાર કરી પંચમઢીના આ નાગદ્વારી મંદીર સુધી જવાનું હોય છે. નાગપંચમીના નવ દિવસસ પહેલા આ મંદીરે જવાનો માર્ગ ખોલવામાં આવે છે. અને નાગપંચમી પછીના દિવસે બંધ કરી દેવાય છે. આટલા સમયમાં સેકડો લોકો દર્શનાર્થે આવી જાય છે.

પંચમઢીનું આ મંદીર વરસમાં માત્ર દસ જ દિવસ ખોલવાનું કારણ સેવ ધ ટાઈગર્સ સુત્ર સાથે સંકળાયેલું છે. નાગદ્વારા મંદીર સતપુડા ટાઈગર રીઝર્વ લેન્ડમાં આવેલું છે. આ કારણે વન વિભાગ લોકોને આ સ્થળે જવાની મંજૂરી આપતું નથી પરંતુ ભાવીકોને લાગણીને ધ્યાનમાં લઈ વરસમાં દસ દિવસ જંગલ વિસ્તાર અને સાત પહાડ પસાર કરી ૧૪ કિલોમીટરની યાત્રાની મંજૂરી આપે છે.

મધ્યપ્રદેશના અમરનાથ કહેવાતાં આ સ્થળની યાત્રા સરળ નથી. ૧૪ કિલોમીટર અને સાત પહાડ પસાર કરવા ઘોડાની પણ સુવિધા નથી. મધ્યપ્રદેશના નર્મદાપુરમ જીલ્લામાં પંચમઢી આવે છે. યાત્રા દરમ્યાન આકસ્મીક ઘટનાઓની વાતો બહાર આવતી રહે છે. નાગદ્વાર નામ જ નાગદેવતાનાં મંદીરનો નિર્દેશ કરે છે. પહાડીઓ વચ્ચે આવેલાં મંદીરની આસપાસ કેટલીય પ્રાચીન ગુફાઓ પણ છે. ભગવાન શિવ અને નાગ દેવતાનાં મંદીર છે. અહીના ચૌરાગઢ મહાદેવ, સ્વર્ગ, ગુફા, ચિતામણી ગુફા વિખ્યાત થયેલાં છે. કહેવાય છે. કે સ્વર્ગ ગુફાની લંબાઈ ૩૫ કિલોમીટર જેટલી છે. ચિતામણી ગુફામાં નાગદેવતાની અનેક પ્રતીમા છે. જંગલ અને પહાડની કેડીઓ સર્પાકાર છે. ગોવિંદગીરી પહાડની મુખ્ય ગુફામાં શિવલીગને કાજળ લગાવાય છે. લોકોમાં એવી માન્યતા છે કે કઠીન યાત્રા પુર્ણ કરનાર કાલસર્પ દોષમાંથી મુકત થઈ જાય છે. યાત્રાળુઓમાં મુખ્યત્વે મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના લોકો હોય છે. પંચમઢી સુધી તો સૌ વાહનમાં જાય છે એ પછી પદયાત્રા શરૂ થાય છે.

**બર્ફાની બાબાની જેમ નાગદ્વાર પર્વતોની હારમાળા પાર કરીને જવું પડે છેઃ વર્ષમાં માત્ર ૧૦ દિવસ જ દર્શન ખૂલે**

# ઉનાળામાં સિઝનલ ડિપ્રેશન બાળકથી માંડીને વૃદ્ધ સુધી સૌને અસહ્ય માનસિક તણાવ

ડિપ્રેશન એટલે કે હતાશા નિરાશા અથવા દર્દીની માનસિક સ્થિતિ નબળી હોવી.મોટાભાગના લોકોના જીવનમાં થોડા તબક્કાઓમાં આવું થતું જોવા મળે છે.પણ જો આ માંદગી કે રોગનું રૂપધારણ કરેતો તે સ્થિતિ લાંબો સમય રહી રોગની ચરમસીમાએ પહોંચે ત્યારે ડિપ્રેશનની તકલીફો તેની બિમારીની પરાકાષ્ઠાઓ સર્જે છે. આ લેખ દ્વારા સામાન્ય માનસિક તકલીફનો અણસાર અને ચેતવણી આપતા લક્ષણોનીખબર પડે તે માટે લખવામાં આવ્યો છે સ્સમાન્ય માણસને સ્પર્શતા અને સામાન્ય રીતે વધુ જોવા મળતા અને આ વિષય સાથે સંકળાયેલા માનસિક તણાવ,માંદગી,ચિંતા,ડિપ્રેશન, માનસિક મંદતા,અનિંદ્રા,યાદશક્તિ ઓછી થવી તેવા વિષયોની અલગથી છણાવટ કરી છે.પચાસ વર્ષની ઉંમર પછી દરેક વ્યક્તિમાંમાનસિક શક્તિ થોડી થોડીઓછી તેને ધ્યાનમાં કે લક્ષમાં ન લેવું તેજ તેનાથી બચવાનો ઉત્તમ માર્ગ છે.આ ઉંમરે મનની એકાગ્રતા ન રહેવી મૂંઝવણ અનુભવવી યાદ શક્તિ ઓછી થઈ જાય છે.

એકાગ્રતા ન રહેવી. મોટાભાગના લોકોમાં જ્યારે તેઓ આંકડાં કે ચિત્ર દોરવામાં વાંચવામાં કે લખવામાં વ્યસ્ત હોય છે.ત્યારે થોડા સમય માતે એકાગ્રતા જતી રહે છે આવા દર્દીઓ પોતાની ખામીઓને સમજાવવા માટેનું મહત્વ વધુ આપે છે. ચિંતા, માનસિક તાણ, ટેન્શન એ આ તકલીફ થવાના સામાન્ય કારણો છે. મૂંઝવણ, ઓછા અથવા થોડા સમય માટે રહેનારી મૂંઝવણ વધુ જોવા મળે છે. દારૂ પીવાથી,અચાનક જાગી જવાથી,ઉંઘ આવે તેવી દવાઓ લેવાથી માનસિક થકાવટ,ઉંઘ ઓછી આવવી.વગેરેને લીધે આ તકલીફ થાય છે.માથામાં અથવા મગજને ઈજા થવાથી તથા વાઈને લીધે પણ ક્ષણિક મૂંઝવણ થાય છે.સતત અથવા કાયમ રહેનારી અથવા લાંબાગાળાની મૂંઝવણ ગંભીર કારણ હોય છે.અને તેથી દર્દી પોતે મૂંઝવણ રહેવાને લીધે પોતે જાતે સારવાર માટે કશું કરી નથી શકતો.જેથી બીજા દ્વારા તેવી ગોઠવણ કરવી જોઈએ. અઘિટત અતિશ્યોક્ત ભર્યો ભાવ અથવા વર્તૂણકને ન્યૂરોસીસ કહે છે.સામાન્ય માણસમાં પણ ક્યારેક આવી વર્તણૂંક જોવા મળે છે.આમા મોટાભાગના લોકો કંઈ મૂંઝવણ આવતા માનસિક ચિંતા અનુભવે છે.દા.ત.ડ્રાઈવીંગ ટેસ્ટ આપતા પહેલા અઘટિત ચિંતા માણસને ઘેરી લે છે અથવા બે વખતેજુવે છે કે ઘરમાં ગેસનીસ્વીચ બંધ કરી ને કે નહીં? જો આવી સામાન્ય ચિંતાઅથવામન ઉપર વારેવારે સવાર થતી વર્તણૂક ખૂબજ વધી જાય તો તેને ન્યૂરોસીસ કહે છે આ સ્થિતિ માટે વપરાતી પરિભાષા સંજ્ઞા ખરી રીતે જોઈએ તો બોલવામાં વપરાતી નથી કારણકેતેખોટી રીતે નિર્દેશ આપે છે કે આવી વધુ પડતી વર્તણૂંક એ માનસિક રોગ છે.માનસિક ભય એ કાલ્પનિક નથી,દર્દીને ખરેખર રીતે લાગતો હોય છે.દર્દીને અપમાનજનક લાગે તે રીતે તેનો શબ્દપ્રયોગ ન કરવો.

ઉનાળામાં સિઝનલ ડિપ્રેશન થવાનાં કારણો, કેટલાક લોકોને વધારે ગરમી સહન થતી નથી. તેમને વધારે પડતાં સૂર્ય પ્રકાશમાં નિરાશા અનુભવાય છે. તીવ્ર સૂર્ય પ્રકાશથી સ્લીપ સાયકલ ડિસ્ટર્બ થાય છે. મેલાટોનિન હોર્મોનની માત્રા ઓછી હોવાથી ડિપ્રેશનના લક્ષણો જણાય છે. મગજમાં સેરાટોનિન કેમિકલની માત્રા વધી જાય છે. તેને કારણે સોશિયલ એન્ગઝાઈટી ડિસઓર્ડર થાય છે. સિઝનલ ડિપ્રેશનથી કેવી રીતે બચશો? પૂરતી ઊંઘ લો. દરરોજ નિયમિત સમયે સૂવાની અને જાગવાની આદત બનાવો. ગુસ્સો કન્ટ્રોલ કરવા માટે મગજ શાંત રાખો. મેક્સિમમ પાણી પીઓ અને કમ્ફર્ટેબલ કપડાં પહેરો. દરરોજ એક્સર્સાઈઝ કરો. તેનાથી સ્ટ્રેસ, ડિપ્રેશન અને એન્ગઝાઈટી દૂર કરવામાં મદદ મળશે. મેડિટેશન કરવાથી તમે ખરાબ વિચારોથી દૂર રહી શકો છો. પેન્ટિંગ, સિંગિગ, સ્પોર્ટ્સ તમને ગમતી એક્ટિવિટી કરો. હેલ્ધી ડાયટ લો. જંક ફૂડ કાર્બાહાઈડ્રેટ વાળું અને તળેલું ભોજન આપણાં મગજ પર ખરાબ અસર કરે છે. સિઝનલ ફ્રુટ્સ, શાકભાજી ડાયટમાં સામેલ કરો. ફ્રેન્ડ્સ અને પરિવારજનો સાથે મુલાકાત કરતાં રહો. તમને જે પણ તકલીફ હોય તે શેર કરો. મન હળવું થઈ જશે. ડેઈલી રૂટિન બનાવો અને હંમેશાં તે ફોલો કરો. તેનાથી મન ભટકશે નહિ અને તમે પ્રોડક્ટીવ રહેશો. ડિપ્રેશનમાંથી બહાર ન આવી શકતા હો તો ડૉક્ટરની સલાહ લો.





**આરોગ્ય**

**- ડો. શ્રીરામ વૈદ્ય**(૯૮૨૫૦૦૯૨૪૧)

લક્ષણોમાં મુખ્ય કાર્યમાં રસ રુચી રહેતી નથી.કારણ વગર રડવું આવવું,ભૂખ,યાદશકિત કમીની એકાગ્રતાનજાળવવી,ઊંઘમાં ખલેલ પડવી,સવારે વહેલું ઉઠી જવાય.પછી જાગતા જ રહેવું પડે.મૂડ બદલાયાકરે એટલે કે અસ્થિર વૃતિરહેવી.જો માનસિકમંદતા વધુ હોયતો સ્યુસાઈડ એટલે કે આત્મહત્યા નું પગલું પણ લઈ લે નકારાત્મ્ક વિચાર દર્દીના સ્વભાવમાં જોવામળે છે. ડિપ્રેશનના કારણો કારણોઃ જૂના જમાનામાં કોઈને ડિપ્રેશન થતું નહોતું અત્યારે થાય છે એનું કારણ પહેલાના જમાનામાં પુરુષ હોય કે સ્ત્રી ઘરનું હોય કે બહારનું બધું જ કામ પોતાની જાતે જ કરવું પડતું હતું, મોટે ભાગે સંયુક્ત કુટુંબમાં માનવી રહેતો હતો. શારીરિક શ્રમનું મહત્ત્વ હતું. વસ્તી આજના જેટલી વધારે નહોતી. આજના જેટલી હરીફાઈ નહોતી પરિણામે દરેક વ્યક્તિના મનમાં શાંતિ અને સંતોષ હતા.આ માનસિક સ્થિતિ થવાના કારણોમાં જેમાં નજીકની વ્યક્તિનું મૃત્યુ થતું હોય,છૂટાછેડા અથવા નોકરી ન મળવાથી ડિપ્રેશનમાં વધારો થાય. ઘણા લોકોમાં કોઈપણ સ્પષ્ટ કારણ સિવાય આ રોગનો હુમલો આવે છે અને આ હુમલાઓ એક પછી એક એમ વધુ કામની વ્યસ્તતામાં જોવા મળે છે અને દર્દીને ભય અને અસ્વસ્થતા જણાય છે આ સ્થિતિને પ્રાશ્ચાત્યવિજ્ઞાનના હાયપોમેનીયાક સાથે સરખાવી શકાય. માસિક પહેલા ઘણી સ્ત્રીઓમાં હતાશા નિરાશાનો અનુભવ થાય છે. રાત્રે નિરાંતે ઊંઘી શકતા હતા. અપવાદ બાદ કરતાં મોટે ભાગે કોઈના મનમાં ચિંતા, સંતાપ કે તનાવ નહોતો. સંતોષ અને શાંતિની જગાએ જબરજસ્ત અસંતોષ અને અશાંતિ આવી ગયા છે. માનવીનું જીવન બદલાઈ ગયું છે. જીવનમાંથી આનંદ જતો રહ્યો છે. નાના હોય ત્યારે ભણવાની ચિંતા, મોટા થાય ત્યારે સારી નોકરી કે ધંધો કરીને ખૂબ કમાવાની ચિંતા. લગ્ન થાય ત્યારે પત્ની, બાળકો અને વડીલોની ચિંતા આ રીતે બાળકથી માંડીને વૃદ્ધ સુધી સૌને અસહ્ય માનસિક તનાવ છે.

કારણો ઘણા જ છે પણ હજુ સુધી મેડિકલ કોમ્યુનિટી અને સંશોધકો ડિપ્રેશનના ચોક્કસ કારણો શોધી શક્યા નથી છતાં તેમના જણાવ્યા પ્રમાણે આટલાં શક્ય કારણો છે જેવા કે ધંધામાં નુકશાન ગયું હોય. નોકરી માંથી છૂટા કર્યા હોય, પતિ/પત્ની કે અંગત સગાનું અવસાન થયું હોય. છૂટાછેડા થયા હોય. ઘર ચલાવવાની મુશ્કેલી હોય ફેમિલીથી દૂર રહેવાનું થયું હોય લાંબી બીમારી હોય નાનપણમાં કોઈ ઘરના કે બહારના તરફથી માનસિક ત્રાસ થયો હોય જેમકે અભ્યાસ માટે વારે વારે ઠપકો મળતો હોય કે માર પડતો હોય. કોઈપણ પ્રકારની બીક લાગતી હોય જેમકે પરીક્ષામાં નાપાસ થવાની, નવી જોબમાં બોસનો ઠપકો મળશે તો, નોકરી માંથી છૂટા કરશે તો. નાનપણમાં ઘરના કે બહારના કોઈએ જાતિય રીતે પરેશાન કર્યા હોય પ્રેમમાં નિષ્ફળતા મળી હોય, કુટુંબથી દૂર જવાનો અને રહેવાનો પ્રસંગ બન્યો હોય ડાઈવોર્સ થયા હોય, મનમાં કંઈક ખોટું કે અશુભ થવાનો સતત ડર રહેતો હોય. જીનેટીક વારસાગત કારણો મેડિકલ કારણોની વાત કરીએ તો. કોઈ બીમારી જેમ કે ડાયાબિટીસ કે બ્લડ પ્રેશર હાર્ટ એટેક કે કેન્સરનું નિદાન થયું હોય. હાઈપોથઈરોઈડિઝમ એટલે કે થાઈરોઈડ હોર્મોન ઓછો નીકળતો હોય. બ્લડપ્રેશરની દવાઓની આડઅસર હોય. કોર્ટિકોસ્ટેરોઈડની દવાઓ લાંબા વખત સુધી લીધી હોય. મગજના ન્યૂરોટ્રાન્સમીટરનું લેવલ ઓછું થઈ ગયું હોય. જેને બાયપોલર ડિસઓર્ડર હોય. વાતાવરણના ફેરફારો અને સોશિયલ ફેક્ટર્સ આગળ જણાવ્યા પ્રમાણે ડિપ્રેશનના વારસાગત

કારણો સિવાય આજના જમાનામાં ડિપ્રેશન થવાના કારણોમાં મુખ્ય કારણ છે માનસિક તનાવ. ડિપ્રેશન કોઈને પણ થઈ શકે સ્ત્રી હોય કે પુરુષ ખાસ કરીને ૩૦-૪૦ વર્ષ પછી થાય. ગમે તે કારણ હોય વ્યક્તિ જ્યારે મુંઝાઈ જાય ત્યારે લક્ષણો કોઈવાર અઠવાડિયા, મહિના કે વરસો સુધી રહે.

આયુર્વેદ પ્રમાણે ઔષધો માં શંખાવલી, બ્રાહ્મી, જટામાંશી, જેઠીમધ,માલકાંગણી,બીજ, +શતાવરી,અક્ક?લગરો,ગોરખમુંડી કુષ્ઠમાંથી બનતું પ્રવાહી ઉપરોક્ત તકલીફોમાં અકસીર પરિણામ આપે છે.

# શું તમે પણ વિચારો છો કે તમારા મનનો માણીગર ફિલ્મના હીરો જેવો હોય ?

એક સમય હતો જ્યારે રાજેશ ખન્ના સુપરસ્ટાર હતા ત્યારે મોટાભાગની સ્ત્રીઓ એવાં સપનાં જોતી કે મારો પ્રેમી પણ હું ટ્રેનમાં જતી હોઉં અને મને મનાવવા મારી પાછળ આવી મેરે સપનોં કી રાની... ગીત ગાતો હોય. એ પછી અમિતાભનો જમાનો આવ્યો અને એન્ગ્રી યંગમેન સ્ત્રીઓનાં મનમાં વસવા લાગ્યા. સમય વહેતો ગયો એમ બોલિવૂડમાં કિંગ ખાનની એન્ટ્રી થઈ. એની દિલવાલે દુલ્હનિયાં લે જાયેંગે ફિલ્મે તો સ્ત્રીઓનાં મગજમાં એટલી ઈમ્પેક્ટ પાડી કે એ સમયથી લગભગ દરેક છોકરી પોતાના રાજ માટે રાહ જોવા લાગી હતી. રોમાન્સથી ભરપૂર કિંગ ખાને દરેક સ્ત્રીના મગજમાં પોતાનો પાર્ટનર એવો જ હોવો જોઈએ એવું સપનું પડદા ઉપર આવીને સેવી લીધું હતું. ઓસ્કર વિનર ડાયરેક્ટર, રાઈટર ગુનિત મોંગાએ પણ પોતાનાં લગ્ન સમયે એક નોટ લખતાં જણાવ્યું કે મેં જ્યારે દિલવાલે દુલ્હનિયા જોઈ ત્યારથી મને એવું હતું કે મારા માટે પણ કોઈ રાજ બનેલો છે, જે આવશે અને મારું જીવન રોમાન્સથી ભરી દેશે, પણ સમય જતાં મને સમજાયું કે રિયલ લાઈફ સપનાંથી ઘણી અલગ હોય છે.

જેમ એક સમયે સોફટ અને રોમાન્સ અને રોમાન્સ કિંગ એવા શાહરુખ પાછળ છોકરીઓ પાગલ હતી એમ હવે કબીર સિંહ કે એનિમલના રણબીર જેવા આલ્ફા મેલ માટેનો ક્રેઝ ક્રેઝ વધી રહ્યો છે. હવે છોકરીઓને સોફ્ટ બોયના બદલે થોડા ડોમિનેટિંગ છોકરાઓ પસંદ આવવા લાગ્યા છે. સમય બદલાય એમ પસંદ પણ બદલાતી હોય છે, કારણ કે યુવાવયે આપણી અંદર રિયલ લાઈફની મેચ્યોરિટીને બદલે સપનાંની દુનિયાની અસર વધારે હોય છે. ઉંમરના અમુક પડાવે આપણે રોમાન્સ, એટ્રેક્શન, દેખાવ વગેરેને વધારે પ્રાધાન્ય આપતા હોઈએ છીએ. વેલેન્ટાઈન ડે છે એટલે આ વાત અહીં લખવાનું મન થાય છે. ચોકલેટ, ફ્લાવર્સ, રોમેન્ટિક ડેટ, ટેડીબેર, મોંઘી ગિફ્ટ્સ સિવાય પણ એક રિયાલિટી છે, જેને એક્સેપ્ટ કરીને આખી જિંદગી જીવવાની હોય છે. સપનાંની દુનિયા માત્ર જવાબદારીઓ ન આવે ત્યાં સુધી જ જીવતી રહે છે, જવાબદારી આવી, તમે કોઈ સાથે કમિટેડ થાવ એ પછી ખ્યાલ આવે કે હકીકત શું છે. અને જ્યારે હકીકત ખબર પડે ત્યો આલ્ફા મેલ, રોમેન્ટિક પાર્ટનર કે માચો મેન સાથે આખું જીવન નીકળશે એ સવાલ ઊભો થાય.



**સમય સમયનું કામ કરે છે**

નો ડાઉટ ઉંમરના અમુક પડાવે, યુવાનીમાં આપણને અમુક પ્રકારનું જીવન જીવવાના શોખ હોય. જેમ કે, મિત્રો સાથે મજા કરવી, ગમતાં પાત્ર સાથે અઢળક રોમાન્સ કરવો, ફરવા જવું અને ગોલ્સ માટે કામ કરવું. આવી ઈચ્છા હોવામાં કંઈ ખોટું પણ નથી. તમે યુવાન હોવ, તમારા માથે જવાબદારીનું ભારણ ન હોય ત્યારે જીવનને બિન્ધાસ્ત જીવી લેવું જોઈએ, પણ સમય જતાં જ્યારે કમિટમેન્ટનો વારો આવે, સ્થાયી થવાનો વારો આવે ત્યારે તમે પસંદ કરેલો પાર્ટનર ખરેખર આખી જિંદગી સાથ નિભાવે એવો છે એ વિચારી લેવું જરૂરી છે. તમે વિચારો કે હવે બે વ્યક્તિઓમાં વિચારભેદ એટલા હોય છે કે એ વિચારભેદ તેમને મનભેદ સુધી ક્યારે દોરી જાય તેની ખબર નથી પડતી. નાની ઉંમરે દેખાવ અને રોમાન્સથી તમે જે વ્યક્તિથી આકર્ષિત થયા હોવ એ વ્યક્તિ સાથે આખું જીવન કાઢવાનું આવે તો ન પણ ફાવે એવું બને, કારણ કે જેની સાથે એક કે બે કલાક વિતાવવાની છે તે વ્યક્તિનો ગુસ્સો કે ટેન્ટ્રમ્સ એટ્રેક્શનમાં આપણે સહન કરી લેતાં હોઈએ છીએ પણ જેની સાથે આખું જીવન વિતાવવાનું છે એ સમજદાર નહીં હોય તો જીવન વિતાવવું છે એ સમજદાર નહીં હોય તો જીવન વિતાવવું અઘરું થઈ જશે. એટલે સમય જતાં સમજદાર બની પાર્ટનરની પસંદગી કરવી જોઈએ, કારણ કે રોમાન્સ અને લવી-ડવી લાઈફ આખું જીવન નથી રહેવાનાં, સમય સમયનું કામ કરશે જ અને જવાબદારી આવશે જ.

**પાર્ટનર કેવો હોવો જોઈએ ?**

અહીં ઘણાં આસ્પેક્ટ્સ કામ કરતાં હોય છે. ઘણાં કહે છે કે દેખાવ નહીં સ્વભાવ જુઓ. સાચી વાત, સ્વભાવનું મહત્ત્વ વધારે હોય છે, જોકે સાથે કડવી હકીકત એ પણ છે કે દેખાવે જે સાવ પસંદ ન હોય એની સાથે બાંધછોડ કરીને જોડાવાનો કોઈ મતલબ નથી. થોડું સરખી રીતે સમજીએ તો દેખાવે જે સહેજેય પસંદ ન હોય પણ એ સ્વભાવે ખૂબ સારા હોય અને એ વસ્તુને ધ્યાનમાં લઈ કોઈ સાથે જોડાઈશું તો દેખાવનો વસવસો લાઈફટાઈમ રહેશે, તમારા એ વસવસાને કારણે તમે સામેની વ્યક્તિને સંપૂર્ણ અપનાવી નહીં શકો અને સમર્પિત પણ નહીં થઈ શકો. માટે ભલે પ્રિન્સ ચાર્મિંગ નહીં પણ થોડી ગમે એવી વ્યક્તિ પસંદ કરવી. બીજી અને સૌથી મહત્ત્વની વાત કે ખૂબ એટ્રેક્ટિવ, ડોમિનેટિંગ, અત્યંત રોમેન્ટિક, આલ્ફા મેલ જેવાં ઉપનામો જેને મળેલાં છે એવા પુરુષો અમુક સમય સુધી જ સારા લાગતાં હોય છે. એ તમને અમુક સમય સુધી જ એટ્રેક્ટ કરતાં હોય છે, એટ્રેક્શન પૂરું થાય, કાયમી સાથે રહેવાનું થાય પછી ખબર પડે કે એક સમયે જે ગમતી વ્યક્તિ હતી તે હવે ઈરિટેટિંગ લાગી રહી છે. એક સમયે ગમતી અને ખુશી આપતી વ્યક્તિ હવે દમ ઘૂંટી રહી છે. આવો પસ્તાવો ન થાય એ માટે પાર્ટનરની પસંદગી વખતે ફિલ્મસ્ટાર કે ફિલ્મ કેરેક્ટરને મગજમાં રાખ્યા વગર સેન્સિબલ વ્યક્તિને પસંદ કરો. સેન્સિબલ શબ્દ ખરેખર ખૂબ યાદ રાખવા જેવો શબ્દ છે. એવી વ્યક્તિ સાથે જીવન વ્યતીત કરવું જે મુક્ત વિચારોવાળી હોય, તે સામેની વ્યક્તિની કદર કરે, જે લાગણીને સમજે, તમને દરેક રીતે સાથ આપે, ઘરમાં કે બહાર તમારો મજબૂત સપોર્ટર બનીને ઊભો રહે, તમને એન્કરેજ કરે, તમને મોકળાશ આપે, આગળ વધવા પ્રોત્સાહિત કરે, ખરા અર્થમાં તમારો સાથી બની રહે એવો સાથી જ સાચો સાથી. મૂળ મોંઘી ગિફ્ટ, બુકે, રોમેન્ટિક ડેટ આ બધું જ જવાબદારીઓ પહેલાં સારું લાગતું હોય છે. બે વ્યક્તિ જ્યારે જોડાય અને પોતાનો માળો બાંધવાની શરૂઆત કરે ત્યારે જવાબદારીને પોઝિટિવલી સ્વીકારતો, કોઈ પણ સિચ્યુએશનમાં સાથ આપતો અને તમને સમજતો માણસ પસંદ કરો. જેની સાથે રહીને તમારો અને પાર્ટનરનો બંનેનો સારો ગ્રોથ થાય એવી વ્યક્તિ સાથે જીવન વ્યતીત કરો જેથી કોઈ સંબંધમાં ગૂંગળામણ ન અનુભવાય.

# સફેદ ડાઘ : સ્વીકૃતિ એકમાત્ર જ ઉપાય



તાજેતરમાં શ્રીલંકાના એક ઉદ્યોગપતિ કબૂલ કર્યું કે શરીર પર સફેદ ડાઘને કારણે તે સોશિયલ મીડિયા પર પોતાની તસવીર પોસ્ટ કરતા અચકાતો હતો. તેને ભય હતો કે તેના અસીલો તસવીર જોઈને તેના આરોગ્ય વિશે શંકા કરશે.

સમાજની શરમ અને લોકો શું કહેશે તેવા ભયે સફેદ ડાઘના ઘણા દર્દીઓ એકલવાયું જીવન જીવવા મજબુર થઈ જાય છે. નિષ્ણાંતોએ આ ત્વચાના રોગ પર પ્રકાશ પાથર્યો છે અને સમાજ દ્વારા તેની સ્વીકૃતિ કેટલી મહત્વની છે તેની જાણકારી આપવાનો પ્રયાસ કર્યો છે.

**આરોગ્ય નિષ્ણાંતોના મતે ૨૦ ટકા કેસ વારસાગત હોય છે તણાવ વધારાનું પરિબળ છે જે આ સ્થિતિને વધુ વકરાવે છે**

સફેદ ડાઘ (વિટિલિગો)ના કારણો : વિટિલિગો એક ઓટોઈમ્યુન રોગ છે જે મેલનીન નામના રંગદ્રવ્યના અભાવને કારણે થાય છે. મેલનીન રંગદ્રવ્ય મેલનોસાઈટસ નામના ત્વચાના કોર્ષો દ્વારા ઉત્પન્ન થાય છે અને ત્વચાના રંગ માટે તે જવાબદાર છે. સફેદ ડાઘ, એટલે કે વિટિલિગોમાં મેલનીનના અભાવને કારણે ત્વચા અને વા ળપર સફેદ ડાઘ ઉત્પન્ન થાય છે. આરોગ્ય નિષ્ણાંતોના મતે ૨૦ ટકા કેસ વારસાગત હોય છે તણાવ વધારાનું પરિબળ છે જે આ સ્થિતિને વધુ વકરાવે છે.

વિટિલિગો વિશેની ગેરમાન્યતાઓ : કેટલાક લોકો માને છે કે દૂધ અને માછલી સાથે ખાવાથી સફેદ ડાઘ થાય છે પણ આ માન્યતાનો કોઈ વૈજ્ઞાનિક આધાર નથી. મોટાભાગના લોકો માને છે કે સફેદ ડાઘનો કોઈ ઈલાજ નથી પણ હકીકત એ છે કે સમયસર સારવાર શરૂ થવાથી લગભગ સંપૂર્ણ ઈલાજ શક્ય છે. પણ ડોકટરોના મતે એમાંથી છૂટકારો મેળવવા લાંબા ગાળા સુધી સારવાર લેવી જરૂરી છે.

વિટિલિગોથી પીડાના દર્દીઓ સામે પડકારો : વિટિલિંગો આમ તો સૌદર્યલક્ષી સ્થિતિ છે, પણ વિટિલિગો ધરાવતા લોકોએ વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. સફેદ ડાઘ ધરાવતા લોકોને હાઈપોથોઈરોડીઝમ ડાયાબીટીસ, પર્નિશિયસ એનિમિયા જેવી અન્ય ઓટોઈમ્યુન બીમારી થવાના જોખમ વધુ રહે છે. ઉપરાંત તેઓ પોતાના દેખા વવિશે શરમ અને ક્ષોભ અનુભવતા હોય છે. સમાજ જો આવી વ્યક્તિ સાથે સામાન્ય વર્તાવ કરે તો તેની ઘણી સમસ્યા હળવી થઈ શકે છે.

વિટિલિંગો ધરાવતી વ્યક્તિઓને મનોચિકિત્સકો સલાહ આપે છે કે લોકો શું કહે છે કે વિચારે છે તેની અવગણના કરીનો પોતાના પર ધ્યાન આપવં. તમે જેવા છો તેવા સ્વીકાર કરવાનું અઘરું છે પણ એકવાર એવુ કર્યા પછી તમારા વિકાસને કોઈ રોકી નહિ શકે. તમારે કોઈની માન્યતાની જરૂર નથી એ નકકી કરી લ્યો.

સમાજમાં સુંદરતાની અલગ વ્યાખ્યા હશે પણ તમારે તેની અવગણના કરવાની છે અને તમારી પોતાની વ્યાખ્યા નકકી કરવાની છે. તમારા અનુભવોમાંથી બોધપાઠ લઈને આગળ વધો. તમારા દેખાવને કારણે તમારે ઘણું સાંભળવું અને ભોગવવું પડશે એવું તમામ બાબતોને અવગણના કરીને વિશ્વને દેખાડો કે તમે તેમનાથી અલગ નથી.

એક વિખ્યાત મોડેલ વિટિલિંગો વિશે પોતાનો અનુભવ વર્ણવતા કહે છે કે હોસ્પિટલમાં મેડીકલ ઈમરજન્સી માટે દાખલ થઈ હતી ત્યારે પહેલી વાર તેને મેકઅપ વિના અજુગતુ લાગ્યુ ત્યારે તેણે પોતાની સ્થિતિને સ્વીકારવાનું શરૂ કર્યુ તેણે વિટિલિગો વિશે જાગૃકતા ફેલાવવાનું નકકી કર્યુ એના માટે તેણે મેકઅપ છોડી દીધો અને આવી જ સ્થિતિમાં મોડેલિંગ કરવાનું નકકી કર્યુ.

# જરૂરિયાત મુજબ પગાર ન મળે પણ તમારી આવડત મુજબ પગાર મળી શકે

**ઘણા લોકો વર્ષોના અનુભવથી કામ કરવાની ઝડપ વધારી શકે અને સાથે સમજણ પણ વધારી શકે જ્યારે ઘણા લોકો આ નથી કરી શકતા**

એપ્રિલફુલ કોઈએ તમને નહીં જ બનાવ્યા હોય પરંતુ આજકાલ લોકો પગારના નામે ઘણાને એપ્રિલફૂલ બનાવે છે અથવા પોતે બની જાય છે. તમે તાવ કેટલા ડિગ્રી છે તે માપી શકો પરંતુ કોઈ વ્યક્તિની આવડત અને કુશળતા કેટલા છે તે માપી શકાતું નથી. તમે કેટલા કલાક કામ કર્યું તે નોંધી શકાય છે પરંતુ તે કલાકોમાં કેટલું અર્થપૂર્ણ કામ કર્યું તે નોંધી શકાતું નથી. એપ્રિલમાં મોટાભાગની કંપનીઓ પગારવધારો જાહેર કરે અથવા દરેક કામ કરતો વ્યક્તિ પગારવધારો માગે. હમણાં જ એક કિસ્સો સામે આવ્યો જેમાં કંપની નાની હતી એટલે તેના માલિકે સલાહ લેવા ફોન કર્યો કે મારા ઓફિસમાં એડમીનમાં એક ભાઈ બે વર્ષથી જોબ કરે છે અને હવે તેમને ઘરને રિનોવેશન કરાવવું છે એટલે અમે જે પગાર વધારો આપ્યો તેનાથી વધુ જોઈએ છે તો મારે શું કરવું ?

એક સર્વસામાન્ય બાબત દરેક નોકરી કરતી વ્યક્તિએ ખાસ સમજવાની જરૂર છે કે તમે કોઈપણ કંપનીમાં જાઓ અને તમે એવું કહો કે મારા આટલા પાઈસની જરૂર છે એટલે મને એ જ પગાર જોઈએ છે તો તમને કામ જ નહી મળે પરંતુ તમારી આવડત અને અનુભવ કોઈપણ કામ કરવાના કેટલા છે તેના આધારે પગાર મળી શકે. દરેક કંપની નાની હોય કે મોટી પગાર કેટલો આપવો તે નકકી કરતી વખતે કેટલું અને કેવું કામ થશે તેનો આધાર લેતા હોય છે. તમે શું કામ કરી શકો છો અને તેનાથી કંપનીને શું ફાયદો થાય છે તે સમજવું ખુબ જરૂરી છે. વ્યક્તિની જરૂરિયાત દિવસે દિવસે વધવાની જ છે માટે તેણે જાતે સમજવું પડે કે દિવસે દિવસે પગાર વધારવો હોય તો આપણી કુશળતા અને કામ કરવાની આવડત પણ વધારવી પડે. ઘણા લોકો વર્ષોના અનુભવથી કામ કરવાની ઝડપ વધારી શકે અને સાથે સમજણ પણ વધારી શકે જયારે ઘણા લોકો આ નથી કરી શકતા. તમે બીજાનો પગાર વધારે છે એટલે તમને મળે તેવું જરૂરી નથી અથવા વધુ વર્ષોના અનુભવને લીધે પગાર વધારે મળે તે પણ શક્ય નથી. કોઈ કંપની એકવાર વધારે પગાર આપશે પણ એક કે બે મહિનામાં તમારી આવડતનો ક્યાસ નીકળી જશે એટલે તમને છુટા કરી દેશે અથવા અન્ય નવી જવાબદારીઓ આપી દેશે. પગાર અને આખા વર્ષના પેકેજ અન્યને મળે એટલે તમને મળે જ એવું જરાય જરૂરી નથી. તમારું કામ એકવાર કરો એટલે કેમ કરવું તે તમને ખબર પડે પરંતુ એકધારુ અનેકવાર કરો એટલે તેમ તમારી કુશળતા વધી જાય હવે આજ કામ અલગ રીતે ફાયદાકારક બને તેમ કરવા માટે તમારો અનુભવ તમારે કામે લગાડવો પડે અને જો તમે એ કરી શકો તો જ તમારી આવડતની નોંધ લેવાય જેથી તમને પગાર વધુ મેળવવામાં પણ સરળતા રહેશે. પગાની સરખામણી અન્ય સાથે અથવા તમે જે સમય આપો છો તે કલાકો સાથે નહિ પરંતુ નિશ્ચિત સમયમાં કેટલુ અને કેવું કામ કરી આપો છો તેના આધારે નકકી થતું હોય છે. દરેક કામને સમજવાની આવડત અને સમજ મુજબ કરવાની ફાવટ તમારા પગારને નકકી કરવામાં મદદરૂપ થઈ શકે છે માટે હવે પછી પગારવધારો માગો ત્યારે અરીસામાં જોઈ લેવું એટલે કે સેલ્ફ એનાલિસીસ કરી લેવું જેથી દુઃખ ન થાય અથવા જોબ છોડીને અન્ય જગ્યા એ માત્ર વધુ પગાર મળે એટલે જવું ન પડે.

# ખુદને પૂછવા જેવો સવાલ: આપણે દેશને શું આપ્યું ?

અત્યાચારીને કચડી નાખવાનું હજુ આસાન હોઈ શકે પરંતુ તેના અંતરાત્માને ઢંઢોળવાનું કામ બેશક મુશ્કેલ હોય છે. તું સાઈલેન્ટ હો જા વર્ના મે વાઈલેન્ડ હો જાઉંગા. એ ઘીસીપીટી સોચ એન્ટરટેઈનિંગ જરૂર લાગે, પરંતુ એમાં બહુ જવાંમર્દી નથી. આઈરની એ છે કે વિલનની બત્તી ગુલ કરી દેતો સલમાન લોકોને બહુ ગમે છે, જ્યારે લેંઘો ઝભ્ભો પહેરીને હાથ જોડતો સીધોસાદો નાયક તુરંત ભુલાઈ જાય છે. ગાંધીજીએ જીવનપર્યંત એક પણ વ્યક્તિને લાફો સુદ્ધાં ન માર્યો અને છતાં દેશભરમાં અંગ્રેજો સામે જ્વાળામુખી સર્જી દીધો, જ્યારે ૧૯૫૭ના વિપ્લવથી લઈને હિંસક પ્રદર્શનોની હારમાળા જુઓ.. અંગ્રેજોએ બહુ કડકાઈથી આવા દેખાવકારોને પતાવી દીધા. કહેવાનું તાત્પર્ય એ છે કે લોહી ગરમ હોવું જરૂરી છે, પરંતુ એ સાબિત કરવા લોહી વહાવવું જરૂર નથી.

અહીં વાત શહીદ ભગતસિંહની છે અને એ પહેલાં જ જો અહિંસાની ફિલોસોફી શા માટે રજૂ થાય તે પ્રશ્ન ઉદ્ભવે એના માટે જ આ પ્રયત્ન અહીં કરવામાં આવ્યો છે.

ભગતસિંહ અને તેના સાથીદારો સુખદેવ અને રાજયગુરુને ૨૪ માર્ચ, ૧૯૩૧ન સવારે ફાંસી આપવાની હતી, પરંતુ હિન્દુસ્તાનના આ નરબંકાઓને નિર્ધારિત સમયથી ૧૨ કલાક પૂર્વે ફાંસી અપાઈ હતી. આજથી ૯૩ વર્ષ પહેલાં જ્યારે ફાંસી અપાઈ ત્યારે ભગતસિંહની ઉંમર માત્ર ૨૪ વર્ષની હતી.

ભગતસિંહને શા માટે ૨૪ વર્ષે ફાંસીએ ચડવું પડ્યું ? નૌજવાન ભારત સભાના આ



નરવીરે માથે કફન બાંધ્યું એ પહેલાંની તેની તેજસ્વિતા વિષે બહુ ઓછા જાણે છે. ૧૭ વર્ષની ઉંમરે તે લાહોરમાં એક હોનહાર વિદ્યાર્થી હતા. પાંચ ભાષા ઉપર તેમનો કમાન્ડ હતો. નિબંધ સ્પર્ધામાં તે લાહોરની નેશનલ કોલેજમાં પ્રથમ ક્રમે આવ્યા હતા. ટીનએજ ભગતસિંહે કીર્તિ અને વીર અર્જુન જેવી પત્રિકાઓમાં જોરદાર લેખો લખ્યા હતા. તેમની ઉંમરના આજના તરુણો બોર્ડની પરીક્ષા સિવાય કશું જ વિચારે તો મા-બાપ તેમનો વારો કાઢી નાંખે છે, સમય બચે તો સિરિયલો, ફિલ્મો અને વીડિયો ગેઈમ સિવાય તરુણ વયના વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ વિષે સર્વે કરવા જેવો છે.

કારકિર્દીનો પાયો નખાતો હોય ત્યારે જ માનસ ઘડતર પણ થતું હોય છે. અંગ્રેજોના શાસનમાં ઘરે-ઘરે સંતાનાોને દેશદાઝની અનુભૂતિ કરાવાતી હતી. સામે શત્રુઓ હતા. એટલે રાષ્ટ્રપ્રેમ ધગધગતો હતો. પરંતુ આઝાદી મળી એટલે આપણે સાવ બેફિકર બની ગયા. શાસન અંગ્રેજોનું હોવા છતાં બ્રિટીશ અફસરોના સામે તીવ પડઘા પડતા. લાલા લજપતરાય ઉપર લાઠીચાર્જ થયો અને બાદમાં તેમનું અવસાન થતા ભગતસિંહે પોલીસ અધિકારી સૅન્ડર્સ ઉપર હુમલો કર્યો. ૧૭મી ડિસેમ્બર ૧૯૨૮માં સૅન્ડર્સને ઠાર કરી ભગતસિંહ, સુખદેવ અને રાજયગુરુએ ૮મી એપ્રિલ, ૧૯૨૯ના ધારાસભામાં બોમ્બ ફેંક્યો.. અવાજ ઉઠાવવા માટે જાનની બાજી લગાવવાનો એ સમય હતો.

આજે બોમ્બ ફોડવાની કે કત્લેઆમની જરૂર નથી કારણ કે સિંહાસન ઉપર આપણા જ લોકો છે. સવાલ અંતરાત્માને જગાડવાનો છે.

આજના યુગમાં બહાદુરીનો અર્થ ફાંસીએ ચડવાનો નથી પરંતુ પોતાના જ દેશ બાંધવોની પીડા દૂર કરવાનો છે. ભગતસિંહ અને તેના ત્રણ મિત્રોને આજના દિવસે ફાંસીને માંચડે ચડાવી દેવાયા હતા. બહુધા લોકોને એવું લાગે કે ભગતસિંહ હિંસક ક્રાંતિના હિમાયતી હતા તો એ બિલકુલ અજ્ઞાનતા છે, તેમણે ધાર્યુ હોત તો એ જાનહાનિ સર્જીને ભાગી શક્યા હોત, પરંતુ તેમનું કામ જાન લેવાનું ન હતું. તેમનું મિશન હતું જાનના જોખમે અંગ્રેજોના અંતરાત્માને જગાડવાનું...

દેશમાં ઘણા યુવાનો આજે પણ સારી ડિગ્રી મેળવી વિદેશમાં વસવાના સપના જુએ છે. પશ્ચિમી દેશોના વિઝા માટે લાંબુ વેઈટિંગ લિસ્ટ રહે છે. એક વર્ષ એવો છે જે સદાયે દેશની ટીકા જ કરતો રહે છે. રસ્તાથી લઈ સ્વચ્છતાના મુદ્દે તે ટીકાટિપ્પણો કરતા રહે છે. આપણી સાથે જ નવા દેશ તરીકે શરૂઆત કરનાર ઈઝરાયેલનું ઉદાહરણ સમજવા જેવું છે. ઈઝરાયેલ બન્યું એ પહેલાં યહૂદીઓ પૂરા વિશ્વમાં અનેક દેશોમાં વસતા હતા. જેમાં અમેરિકા-યુરોપમાં ઉચ્ચ હોદ્દા ધરાવનારા અનેક લોકો પણ હતા. ઈઝરાયેલનું સર્જન થયું ત્યારે એ ઓછા વરસાદવાળો બંજર પ્રદેશ હતો, સંશાધનોનો અભાવ અને ચારે તરફ શત્રુદેશો.

ધૂંધળુ ભવિષ્ય અને મુશ્કેલ પંથ છતાં વિશ્વભરમાંથી યહૂદીઓ પોતાની માતૃભૂમિમાં આવી ગયેલા આંતરરાષ્ટ્રીય સ્તરે નામના ધરાવતા યહૂદી વૈજ્ઞાનિકોએ પોતાના તન, મન અને ધનથી ઈઝરાયેલને શ્રેષ્ઠ બનાવ્યું. આજનું ઈઝરાયેલ હજારો લોકોના રાષ્ટ્રપ્રેમનું બહેતરિન ઉદાહરણ છે.

દેશની હિન્દુસ્તાનની આપણે વારંવાર ટીકા કરીએ છીએ, દેશે આપણને શું આપ્યું તેવા બળાપા કાઢીએ છીએ, પરંતુ કદી એવો સવાલ ખુદને પૂછ્યો છે ખરો કે, આપણે દેશને શું આપ્યું છે ?

# સાડી લાઈબ્રેરી : સારા-માઠા પ્રસંગ માટે ગરીબ-શ્રીમંત મહિલાઓની પહેલી પસંદ

લાઈબ્રેરી શબદ સાંભળતાં જ આપણને પહેલા તો પુસ્તકો જ ધ્યાન આવે. પણ રાજકોટમાં એકસાડી લાઈબ્રેરી ચાલી રહી છે. જે સારા અને માટા પ્રસંગોમાં ગરીબથી લઈને શ્રીમંત મહિલાઆએની પહેલી પસંદ બનતી જાય છે. યુવા સેના ટ્રસ્ટની આ પહેલને સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને કોઈપણ પ્રસંગોમાં પહેરવા પોતાની પસંદગીની સાડી બહેનો લઈ જાય છે.

**રાજકોટમાં યુવા સેના ટ્રસ્ટ દ્વારા ગુરુપૂર્ણિમાએ શરૂ કરેલી પહેલને સારો પ્રતિસાદ**

રાજકોટમાં યુવા સેના ટ્રસ્ટના પ્રમુખ પ્રદ્યુમનસિંહ ઝાલા કહે છે કે, આજના મોંઘવારીના સમયમાં ગરીબ અને મધ્યમ વર્ગની મહિલઆએ પણ સારી સાડી પહેરી શકે અને ખરીદવાનો ખર્ચ પણ ન થાય તેવા વિચાર સાથે ગુરુપ્રસાદ ચોકમાં ભોલેનાથ સોસાયટી, રાજકોટ સેવા ભવન ખાતે ગુરુપૂર્ણિમાના દિવસથી સાડી લાઈબ્રેરી શરૂ કરવામાં આવી છે. જ્યારે શરૂઆત કરી ત્યારે દાતાઓ તરફથી ૬૦ જેટલી સાડી મળી હતી. જેમ જેમ લોકોને જાણ થતી ગઈ તેમ તેમ મહિલાઓ સાડી લેવા આવતા ગયાં. અત્યાર સુધીમાં ૭૦ જેટલી મહિલાએ સાડી નિઃશુલ્ક લઈ ગયા છે. તેમાંય નવરાત્રીમાં જ ૪૫ જેટલા બહેનો પોતાની પસંદગીની સાડી લઈ ગયા હતા.

પ્રદ્યુમનસિંહ ઉમેરે છે કે, રાજકોટ ઉપરાંત અમદાવાદ, સુરત, જામનગર જેવા અન્ય શહેરોમાંથી દાતાઓએ અહીંયા સાડીનું દાન કર્યું છે અને અત્યારે આ સાડી લાઈબ્રેરીમાં રૂા. ૧૦૦૦થી ૧૦,૦૦૦ ની કિમતની વિવિધ ૩૦૦થી પણ વધુ સાડી એકત્ર કરવામાં આવી છે. છેલ્લા ૫ ંચ મહિનાથી આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવતાં મહિલાઓ તેનો લાભ લઈ રહી છે. એવું નથી કે માત્ર ગરીબ અને મધ્યમ વર્ગની મહિલાઓ જ સ્આવે છે પરંતુ શ્રીમંત વર્ગની મહિલાઓ પણ આ લાઈબ્રેરીનો લાભ લે છે. તેમાંય લગ્ન, સગાઈ, શ્રીમંત કે ધાર્મિક પ્રસંગ ઉપરાંત માઠા પ્રસંગોમાં પહેરવા પણ મહિલાઓ સાડી લઈ જાય છે. સાડીઓમાં વેરાયટી હોવાથી મહિલાઆએને પસંદ આવી રહી છે અને જે મહિલાઆએ સાડી લઈ જાય છે તેવી ગરીબ અને મધ્યમ વર્ગની મહિલાઓ ખૂબ ખુશ થઈને અમારી પહેલને બિરદાવે છે અથવા અમુક મહિલાઓ રોકડ દાન પણ આપી જાય છે. અત્યાર સુધીમાં આ પ્રકારનું રૂા. ૫૦૦૦ જેટલું દાન એકત્ર થયું છે.

લાઈબ્રેરીમાં નિઃશુલ્ક સાડી મેળવવા માટે એક ફોર્મ ભરવાનું રહે છે.જેમાં નામ, સરનામું જેવી વિગતો તેમજ આધાર કાર્ડની નકલ અને ફોટો આપવાનો હોય છે. જ્યારે સાડી પરત કરરવા આવે ત્યારે આધાર કૃડની નકલ અને ફોટો મહિલાઆએને સુપ્રત કરી દેવામાં આવે છે. । સેવા સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી શહેરના ગુરુપ્રસાદ ચોકમાં ભોલેનાથ સોસાયટી, રાજકોટ સેવા ભવન ખાતે ચાલુ છે.

# ઉનાળામાં ઠંડી વસ્તુઓનું સેવન સ્વાસ્થ્ય માટે નુકસાનકારક

જો તમે સારું સ્વાસ્થ્ય મેળવવા માંગો છો અને ક્રોનિક બીમારીઓથી દૂર રહેવા માંગતા હોવ તો તમારે ખાદ્ય પદાર્થો વિશે વિશેષ કાળજી લેવી સૌથી મહત્ત્વપૂર્ણ છે. આપણે જે પણ ખાઈએ છીએ પીએ છીએ તેની સીધી અસર આપણા સ્વાસ્થ્ય પર પડે છે.



ઉનાળામાં ઠંડક અનુભવવા માટે આઈસ્ક્રીમ ખાવો પહેલી પસંદગી છે, પરંતુ શું તમે જાણો છો કે તેનાથી સ્વાસ્થ્યને અનેક પ્રકારના નુકસાન થઈ શકે છે ?

જો તમને લાગે છે કે, બજારમાં મળતા ફળોના જ્યુશ શરીરની પોષણની જરૂરિયતો પૂરી કરવા માટે ફાયદાકારક છે તો તમારે પણ સાવચેત રહેવાની જરૂર છે.

પેકડ ફ્રૂટ જ્યુસ અને આઈસ્ક્રીમ વજન વધવાથી લઈને ડાયાબિટીસ અને બીજી ઘણી બધી સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બને છે. પેકડ જ્યુસને લાંબા સમય સુધી બગડતો અટકાવવા માટે તેમાં અનેક પ્રકારના કેમિકલ અને પ્રિઝર્વેટિવ્સ ઉમેરવામાં આવે છે.

### પેકડ જ્યુસને બગડતો અટકાવવા માટે કેમિકલ્સ ઉમેરવામાં આવે છે

પેકડ જ્યુસને એક વર્ષ અને તેથી વધુ સમય માટે સ્ટોર કરાય છે. તેમને લાંબા સમય સુધી તાજા રાખવાની પ્રક્રિયા દરમિયાન તેમાંથી આવશ્યક વિટામીન નાશ પામે છે. જો તમે પેકેજ્ડ જ્યુશના ઘટકો પર નજર નાંખો, તો તમે જોશો કે તેમાં ઉમેરાતી ખાંડની સાથે સ્વાદને તાજો રાખવા અને રસને કોઈપણ ગંધથી દૂર કરવા માટે ઘણા પ્રકારના રસાયણ ઉમેરવામાં આવે છે. ઘણા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આ પ્રકારના રસાયણો શરીર માટે ઘણી રીતે હાનિકારક હોઈ શકે છે.

### સ્થૂળતા અને ડાયાબિટીસનું જોખમ

પેકડ જ્યુસમાં ઉમેરવામાં આવેલી ખાંડને કારણે તેમાં મીઠાશ નથી ઉમેરતા પરંતુ ઘરે બનતા તાજા રસની સરખામણીમાં તેમાં કેલેરી શરીરમાં વધારાનું વજન વધારી શકે છે એટલે કે જો તમે આ જ્યુશનું વારંવાર સેવન કરો છો તો સમયાંતરે પેટની ચરબી અને સ્થૂળતા વધવાનું જોખમ રહેલું છે. પેકડ જ્યુસમાં કાર્બોહાઈડ્રેટ્સ પણ હોય છે જે બ્લડસુગરનું સ્તર વધારી શકે છે અને લાંબા ગાળે ડાયાબિટીસ તરફ દોરી જાય છે.

### આઈસ્ક્રીમ બાળકોને નુકસાન પહોંચાડે છે

બાળકોથી લઈને વૃદ્ધો સુધી દરેકને આઈસ્ક્રીમ ગમે છે, કેટલાક સંશોધનો સૂચવે છે કે જે લોકો વારંવાર આઈસ્ક્રીમ ખાય છે તેઓમાં કેલરીનું પ્રમાણ વધુ હોય છે. બાળકોના સ્વાસ્થ્ય પર અનેક પ્રકારની આડઅસર જોવા મળી છે. આઈસ્ક્રીમમાં ઘણીવાર ખાંડ અને ચરબીનું પ્રમાણ વધુ હોય છે. જે વજન વધવાનું જોખમ વધારે છે. આ સિવાય આઈસ્ક્રીમના કારણે દાંતમાં કળતર અને કેવિટીની સમસ્યા વધવાનો પણ ખતરો રહે છે.

# તાલિબાનનું ડહાપણ: હિન્દુઓ અને શીખોની છીનવેલી જમીનો પરત કરશે

**અફઘાનિસ્તાનના તાલિબાન શાસને અફઘાનિસ્તાનમાં નિવાસ કરી રહેલા હિન્દુઓ અને શીખો પાસેથી અગાઉ જપ્ત કરેલી ખાનગી જમીન પરત કરવાની યોજના જાહેર કરી છે**

એક આશ્ચર્યજનક નિર્ણય તરીકે અફઘાનિસ્તાનના તાલિબાન શાસને અફઘાનિસ્તાનમાં નિવાસ કરી રહેલા હિન્દુઓ અને શીખો પાસેથી અગાઉ જપ્ત કરેલી ખાનગી જમીન પરત કરવાની યોજના જાહેર કરી છે. આ નિર્ણય જો અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવે તો આંતરરાષ્ટ્રીય અલગતાનો સામનો કરી રહેલી અને તબાહ થઈ ગયેલી અફઘાનિસ્તાનની અર્થવ્યવસ્થાને તાલિબાન સરકાર ફરીથી બેઠી કરી શકે તેવી સંભાવનાઓ સર્જાઈ છે. જોકે, આ નીતિની પ્રામાણિકતા અને લાંબા ગાળાની અસર અંગે અનેક શંકાઓ હજુ પણ છે.

ઓગસ્ટ ૨૦૨૧માં એટલે કે અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા પહેલા, અફઘાનિસ્તાનમાં હિંદુ અને શીખ સમુદાયોની સંખ્યા લગભગ ૪૦,૦૦૦ જેટલી હતી કે જે કૂલ વસ્તીના આશરે ૧% જેટલી હતી. દાયકાઓના સંઘર્ષ, સતામણી અને લક્ષિત હિંસાઓના લીધે આ લઘુમતીઓને સામૂહિક સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. ઈસ્લામિક સ્ટેટ દ્વારા કાબુલ ગુરુદ્વારા પર વર્ષ ૨૦૨૨માં કરવામાં આવેલા હુમલા બાદ મોટા ભાગના હિંદુઓ અને શીખો પણ અફઘાનિસ્તાન છોડી ચૂક્યા હતા.

યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશ્નર ફોર રેફ્યુજીસના ૨૦૨૪ના અહેવાલ મુજબ એક અંદાજો સૂચવે છે કે હાલમાં અફઘાનિસ્તાનમાં ૩૦૦થી ઓછા હિંદુઓ અને શીખો વસે છે. લઘુમતીઓની સંખ્યામાં થયેલો આ તીવ્ર ઘટાડો માત્ર અફઘાનિસ્તાનમાં આ સમુદાયોના સાંસ્કૃતિક વારસાને જ ખતરો નથી, પરંતુ તેમના પૂર્વજોના વતન સાથેના તેમના જોડાણને પણ નબળો પાડે છે.

અફઘાનિસ્તાનમાં રહેતા હિન્દુઓ અને શીખો મોટે ભાગે વેપાર સાથે સંકળાયેલા છે. તેમનો મુખ્ય ધંધો મસાલા અને ડ્રાયફ્રૂટ્સનું વેચાણ અને એક્સપોર્ટ કરવાનો છે. આ ઉપરાંત કેટલાક લોકો ખેતી સાથે પણ સંકળાયેલા છે. પરંતુ વિવિધ સરકારો દ્વારા તેમની સતામણી થતાં તેમની જમીન કથિત રીતે કબજે કરવામાં આવી હતી. જોકે, અફઘાન હિંદુઓ અને શીખોએ દાયકાઓથી જમીનના નિકાલનો સામનો કર્યો છે.

ઐતિહાસિક રીતે, તેઓ વારંવાર વેપાર અને વાણિજયમાં અગ્રણી ભૂમિકાઓ પર પ્રભુત્વ ધરાવતા હતા અને મિલિટનટ્સ તેમને વસૂલી અને મિલકતની ચોરીનું લક્ષ્ય બનાવતા હતા. ભેદભાવપૂર્ણ નીતિઓ અને સરકારી સંસ્થાઓમાં મર્યાદિત પ્રતિનિધિત્વ દ્વારા આ સમુદાય વધુ હાંસિયામાં ધકેલાયો હતો. અફઘાન હ્યુમન રાઈટ્સ કમિશનના વર્ષ ૨૦૧૯ના અહેવાલમાં લઘુમતી સમુદાયો દ્વારા બળજબરીપૂર્વક રૂપાંતરણ, ગેરકાયદેસર કરવેરા અને ધાકધમકીનો સામનો કરવાના અસંખ્ય ઉદાહરણોનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. તેથી, જમીનનું વળતર, માત્ર મિલકતના અધિકારોની પુનઃ સ્થાપના જ નહીં પરંતુ જુલમની પ્રણાલીને ખતમ કરવા તરફનું સંભવિત પગલું પણ દર્શાવે છે. હવે જ્યારે તાલિબાન સરકારે અફઘાનિસ્તાનની લઘુમતીઓ એટલે કે હિન્દુઓ અને શીખોને તેમની જમીન પરત કરવાનો નિર્ણય લીધો છે ત્યારે તેની પાછળ કેટલાક આંતરરાષ્ટ્રીય અને આંતરિક કારણો પણ જવાબદાર છે કે જેણે તાલિબાન સરકારને આ નિર્ણય લેવા માટે પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે મજબૂત કર્યા છે. હાલમાં તાલિબાન સરકાર આંતરરાષ્ટ્રીય કાયદેસરતા માટે વલખાં મારે છે અને યુદ્ધગ્રસ્ત રાષ્ટ્રના પુનઃ નિર્માણ માટે તેને વિદેશી સહાયની સખત જરૂર છે.

આથી આ પગલાંને આંતરરાષ્ટ્રીય સમુદાય અને તેમાંય ખાસ કરીને ભારતને ખુશ કરવાના પ્રયાસ તરીકે જોઈ શકાય છે કે જેણે અફઘાનિસ્તાનને પરંપરાગત રીતે વર્ષોથી માનવતાવાદી સહાય પૂરી પાડી છે. ભારત સાથે રાજદ્વારી સંબંધો પુનઃ સ્થાપિત કરવાથી તાલિબાનને ખૂબ જ જરૂરી આર્થિક અને રાજકીય સમર્થન મળી શકે છે.

લઘુમતીઓના અધિકારોનું રક્ષણ કરવા માટેની પ્રતિદ્ધતા દર્શાવીને, તાલિબાન અફઘાનિસ્તાનમાં નવા રોકાણ અને વેપારને આકર્ષવાની આશા રાખે છે. વધુમાં, જમીન પરત કરવાથી કેટલાક હિંદુઓ અને શીખો અફઘાનિસ્તાનમાં પાછા ફરવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે કે જે સંભવિતપણે તેમની વ્યાપારી કુશળતા દ્વારા અર્થતંત્રને મજબૂત બનાવશે. ઐતિહાસિક રીતે, આ સમુદાયોએ અફઘાન અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને તેમની ઉદ્યોગ સાહસિક ભાવના અફઘાનિસ્તાનના આર્થિક માળખાના પુનઃ નિર્માણમાં મૂલ્યવાન સંપત્તિ બની શકે છે.

# રાજસ્થાન પાસે પણ દાર્જિલિંગ જેવું હિલસ્ટેશન છે, શું તમે જાણો છો ?

રાજસ્થાન મુળ રણપ્રદેશ છે, આ જગ્યાએ હિલ સ્ટેશનની કલ્પના પણ આપણને અચંબિત કરી દે, પણ કુદરતની કરામત મનુષ્યને કેમ સમજાય ? તે આપણને અચંબિત કરવા માટે જ છે. સિમેન્ટ ક્રોંકીટની સુંદરતા કુદરતી સુંદરતાને ક્યારેય પહોંચી ન શકે એ વાત ચોક્કસ યાદ રાખવી. ખેર, વાત કરીએ રાજસ્થાનના પોતાના હિલસ્ટેશનની તો આ જગ્યાનું નામ ગોરમઘાટ છે, તે જયપુરથી ૨૭૮ કિ.મી. દૂર આવેલી છે. ગોરમઘાટ રાજસ્થાનની સૌથી ઓછી એકસપ્લોર થયેલી જગ્યા છે. આપણે ઉદયપુર, જયપુર, ચિત્તોડ, કુંભલગઢ વગેરે વિશે તો જાણીએ જ છીએ અને ત્યાં જઈ પણ આવ્યા હોઈશું પણ ગોરમઘાટ બહુ ઓછા ટૂરિસ્ટ આવે છે.

ગોરમઘાટ ઉદયપુરથી ખૂબ નજીક છે, તે ઉદયપુરથી માત્ર ૧૩૦ કિમી દૂર છે. મારવાડ અને મેવાડની સીમા પર સ્થિત આ ઘાટ ઉપર બનેલો રેલવે ટ્રેક મનમોહક છે. એ રેલવે ટ્રેક ત્યાં રહેતા લોકોમાં ખૂબ પ્રસિદ્ધ છે. ઉદયપુરના રહેવાસીઓ આ જગ્યાએ ખૂબ ફરવા જાય છે.

ગોરમઘાટનું મુખ્ય આકર્ષણ ત્યાંનો રેલવે ટ્રેક છે. તેનો ઈતિહાસ પણ ખૂબ રસપ્રદ છે. કહેવાય છે કે ગોરમઘાટ રેલવે સ્ટેશનનું નિર્માણ ૧૯૩૨ના વર્ષમાં બ્રિટિશર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. આ રેલવેલાઈનને ખાસ મેવાડ અને મારવાડને જોડવા માટે બનાવવામાં આવી હતી. આ ટ્રેક ઉપર અનેક પહાડો આવે છે જેને કાપીને વચ્ચેથી ટ્રેનના પાટા પસાર થાય છે જે કોઈ પણ ટૂરિસ્ટ માટે આકર્ષક દશ્ય બની શકે છે, પહાડોને કટ કરીને રેલવે ટ્રેક બનાવ્યો હોય એટલે સ્વાભાવિક છે જે રસ્તામાં અનેક સુરંગો પણ બનેલી છે, પાટાની ચારેબાજુ લીલોતરી પણ ઘણી છે. આ ટ્રેકની સૌથી મોટી અને સુંદર વસ્તુ એ છે કે તે ૧૭૨ નાનામોટા પુલ ઉપર થઈને પસાર થાય છે. પહાડોની વચ્ચે આવેલા ગોમઘાટથી ટ્રેન પસાર થાય છે ત્યારે



તમને દાર્જિલિંગની ટ્રેનમાં દાર્જિલિંગના રસ્તા ઉપર જઈ રહ્યાં હોય એવું લાગ્યા વગર રહેશે નહી. દિવાળીની રજાઓમાં આ જગ્યાને એકસપ્લોર ચોકકસ કરી શકાય છે. આ જગ્યાની સારી વાત આ રેલવે ટ્રેક સિવાય અહીંનું ઠંડુ વાતાવરણ તેમજ નીરવ શાંતિ પણ છે. અહીં દાર્જિલિંગ જેવી જ ટોય ટ્રેન પણ છે, જે તમારા માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

અરાવલી પર્વતાની વચ્ચે વસેલા ગોરમઘાટને લોકો ઉનાળાના કાશ્મીર તરીકે પણ ઓળખે છે. અહીં વિદેશી પ્રવાસીઓ ખૂબ આવે છે. ગરમીની સિઝનમાં પણ અહીં ઠંડક હોવાથી રાજસ્થાન જોવા આવેલા મોટાભાગના વિદેશીઓ ગોરમઘાટ જોવાનું વધારે પસંદ કરતાં હોય છે. ઘણાં પ્રવાસીઓ તો જયપુરથી બાઈક ઉપર આ જગ્યાએ જાય છે જેથી રોડ ટ્રીપનો આનંદ પણ લઈ શકે.

ગોરમઘાટ રહેવાની ટિપ્સ : ગોરમઘાટમાં રહેવાની વ્યવસ્થા ન હોવાથી જો તમે અહીં ફરવા જવાનું વિચારતા હો તો તમારે જોધપુર, ઉદયપુર કે મારવાડ રહેવાની વ્યવસ્થા કરવી પડશે. અહીં આખો દિવસ ફરવા માટે સગવડ છે પણ રહેવાની વ્યવસ્થા નથી.

અહીં ખાવાપીવાની પણ ખાસ વ્યવસ્થા નથી એટલે દરેક પર્યટકે ભોજન તથા પાણી સાથે રાખવા પડશે.

આ જગ્યાએ ફરવા માટે કોઈ પણ સમયે આવી શકાય છે અહીં ફરવાનો સમય નકકી નથી, કારણ કે અહીંનું વાતાવરણ બારેમાસ સારું જ હોય છે. કોઈવાર ભારે વરસાદને કારણે ટ્રેનની સગવડ બંધ રહે છે બાકી કોઈ સમસ્યા નથી.

કેવી રીતે જશો : ગોરમઘાટ જવા માટે ટ્રેન દ્વારા જવું પડશે. અહીં ત્રણ રેલવે સ્ટેશન છે જે તમને ગોરમઘાટ પહોંચાડી શકે છે.જેમાં મારવાડ જંકશન, માવલી જંકશન અને ફુલાદ જંકશનનો સમાવેશ થાય છે. અલબત્ત, મારવાડ જંકશન બધા કરતા નજીકનું સ્ટેશન છે તમે ચાહો તો જયપુર, ઉદયપુર અને જોધપુરથી બસ દ્વારા પણ જઈ શકો છો. જો તમે રોડ ટ્રીપ કરવા માંગતા હો તો જયપુર અથવા ઉદયપુરથી બાઈક કે ટેકસી રેન્ટ કરીને જઈ શકો છો.

**અરાવલી પર્વતની વચ્ચે વસેલા ગોરમઘાટને લોકો ઉનાળાના કાશ્મીર તરીકે પણ ઓળખે છે. અહીં વિદેશી પ્રવાસીઓ ખૂબ આવે છે**

# નિરાશાનો છેડો ફાડી આશાવાદી બનો!

**કલમ ઉઠાવે અવાજ**

**- શ્રેણીક દલાલ**



આ જગતમાં કેટલાક માણસો પ્રકૃતિથી જ નિરાશાવાદી જ હોય છે. તેઓ કોઈ પણ કામ કરતા પહેલાં પોતે સફળ નહિ થાય તેવા વિચારોથી ઘેરાયેલા રહેતા હોય છે અને છેવટે તેઓ પોતાની મંજિલ પર પંહોચવાને અશક્તિમાન રહે છે.

નિરાશાવાદીઓ હતાશામાં રહેવાથી તથા નકારાત્મક વિચારોનાં વમળમાં ફસાતા હોવાથી કોઈક વખત આત્મહત્યા કરવા સુધી પ્રેરાય છે.

સફળતા કે નિષ્ફળતા તે તો પોતાના મનના વિચારો પર જ નિર્ભર હોય છે. નિરાશા એ માનસિક રોગ જ છે. આ રોગથી પીડાતા માનવીઓ નકારાત્મક વિચારથી ફસાયેલા હોવાથી તેઓનાં મનમાં હકારાત્મક વિચારોનો પ્રવેશ થતો નથી.

નિરાશા એ કેન્સર જેવો અસાધ્ય રોગ છે જેમાંથી બહાર નીકળવું એ બહુ જ કઠીન છે. નિરાશાની ખાઈમાં સરી પડતા વિચારવાની શક્તિ ગુમાવી દેતા એ વ્યક્તિઓ કદી ઉભા થઈ શકતા નથી. નિરાશાવાદીઓની છાપ સમાજમાં જરા પણ ઉપસતી ન હોવાથી લોકોમાં તેઓની ગણતરી થતી નથી.

લઘુતાગ્રંથિથી પીડાતો માનવી હરહમેંશ હતાશામાં જ રહેતો હોવાથી તેઓના જીવનમાં ઉત્સાહનો અભાવ વર્તાય છે. તેઓ હરહમેંશ રડતા જ રહેવાથી નિરાશારૂપી તળેટીમાં જ ભટક્યા કરે છે. તેઓ ઉદાસીન જ રહે છે અને તેઓ કદી આશારૂપી શિખર પર ચડી શકતા નથી.

નિષ્ફળતાથી નિરાશાનો જન્મ થાય છે. નિરાશામય વિચારો આવવાથી પોતાનો આત્મવિશ્વાસ ડગી જાય છે. પરંતુ જો નકારાત્મક વિચારો ત્યજીને હકારાત્મક વિચારો અપનાવતા માનવી જીવનમાં ઉલ્લાસ, ઉમંગ તથા ઉત્સાહની દુનિયામાં રાચે છે.

હાસ્યરસ પીરસવાથી તથા સંઘર્ષ ખેલવાથી માનવીનાં જીવનમાં નિરાશા અલિપ્ત થઈ જાય છે તથા નિરાશારૂપી રોગનું નામોનિશાન રહેતું નથી.

જ્યારે માનવી આશા રાખીને તથા પુરૂષાર્થ કરતા આગળ ને આગળ વધતો જાય ત્યારે નિરાશા પોતાનાથી દૂર ને દૂર ભાગતી રહેશે.

આવેલી તકને ઓળખી ન શકતા નિરાશાવાદી માનવી કદી સફળ નથી થઈ શકતો. તેઓ જિંદગીભર આગળ આવી શકતા નથી.

અમુક હતાશ માનવી બીજાને મળતા નિરાશાની જ વાતો કરતા હોવાથી આ નિરાશારૂપી રોગ પણ બીજા માનવીને પણ લાગતા તે પણ નિરાશાવાદીની વાતોમાં આવી જતા હતાશ બની જાય છે. ગમે તેવું દુઃખ આવી પડે તો પણ હસતા રહેવાથી નિરાશા તેના જીવનમાં ફરકશે નહિ.

માનવીએ આશાવાદી બનવું જોઈએ. કાળા માથાનો માનવી જો ધારે તો શું નથી કરી શકતો. એના મનમાં કે વિચારોમાં કદી 'ના' કે 'નહિ' તથા નકારાત્મક શબ્દોનો સમાવેશ હોતો નથી.

વેપાર કરતી વખતે જો વેપારી નુકસાન કે મંદીની જ વાતો કરતો રહે તો તેને પોતાના ધંધામાં બરકત મળતી નથી. જો વિદ્યાર્થીઓ પણ સારા ગુણોથી સફળ નહિ થવાય તેવા વિચારો કરશે તો તેઓ હકીકતમાં નાપાસ થશે કે સારા ગુણોથી વંચિત રહેશે. કલાકાર મનથી હારી જશે તો તે પોતાની કળા બરાબર પ્રદર્શિત કરી નથી શકતો.

ઉદાસીન પ્રકૃતિથી શરીરની શક્તિ પણ ક્ષીણ થતી જાય છે અને એ માનસિક રોગનો શિકાર બની જાય છે. ઉંઘ ઓછી આવવી, લોહીનાં દબાણની તીલીફ, અપચો, માથાનો દુખાવો તથા કોઈક વખત ફીટ પણ આવી શકે છે. તેમની નિર્ણય લેવાની શક્તિ પણ ક્ષીણ થતી જાય છે. ઉદાસીનતાને ખંખેરીને પ્રકૃતિના સંગે ચાલવાથી મનને ઘણી શાંતિ મળે છે. નદી કિનારે ફરવા જતા, ચાલવાથી કે દોડવાથી, અથવા કસરત કે યોગા કરવાથી પ્રકૃતિનો આનંદ લૂંટવાથી તેઓના મનમાં પરિવર્તન આવશે તથા તેઓ માનસિક રીતે સજ્જ થશે.

માનવીએ નિરાશારૂપી શત્રુને મહાત કરવા આશારૂપી મિત્રોનો સહારો લઈ તેની સામે ઝઝૂમતા સફળતાનો કિનારો દેખાશે.

નિરાશાથી બચવા ★હસતા રહો★ નામના જાદુના ચમત્કારથી માનવી નિરાશાવાદીમાંથી આશાવાદી બની શકે છે. ★હાસ્ય★ એ નિરાશારૂપી રોગનો રામબાણ ઈલાજ છે તથા ચિંતા નામની પરહેજી પાળતા તે હતાશાના રોગથી મુક્ત થઈ શકે છે.

જિંદગીમાં સંઘર્ષ કરતા કરતા પોતાનામાં આત્મબળ વધતા તથા મનોબળ મજબૂત થતા તેનામાં આશાના કિરણો દેખા દે છે તથા સુખી થવાય છે.

આશાવાદી માનવી કદી નકારાતક વિચારો કરતો નથી તથા પુરુષાર્થ કરતા કંઈક ફળ મળશે તેવી આશા માનવીને જીવન જીવવા સાર્થક બનાવે છે. માનવી જ્યારે પોતાના જીવનમાં ★આશા★ અમર છે નામનો સિદ્ધાંત અપનાવે છે ત્યારે તે કદી પાછો પડતો નથી તથા આશા સાથે જીવતો માણસ પોતાનું જીવન જીવી જાણે છે અને તે લોકોમાં પણ પ્રિય બની રહે છે.

સારું જ થવાનું છે તેવી આશા રાખતા પુરુષાર્થ કરતા જીવનમાં બળરૂપી ઉર્જા મળતા તે માનવી જીવનમાં કદી નિરાશ નહિ થાય. 'મારાથી આ નહિ થાય' અથવા હું જીતી નહિ શકું તેવા નકારાત્મક વિચારો જ માનવીને પાછો પાડે છે અને તેને આવા વિચારો અડચણ રૂપ બને છે. આશારૂપી ધજા લહેરાવવાથી નિરાશા કદી જીવનમાં ફરકશે નહિ. નિરાશા સામે ઝઝૂમવાનો એક સરળ ઉપાય છે 'હસતા-હસતા સંઘર્ષ કરો'. સંઘર્ષ જીવનમાં નુકસાન કરતા લાભ કરાવે છે તથા માનવીમાં છુપાયેલી શક્તિ બહાર આવી શકે છે તથા સમાજમાં પોતાની છાપ સારી રીતે ઉપસી શકે છે.

સંઘર્ષથી માનવી ઘણું શીખી શકે છે. જીવનમાં આવતી મુશ્કેલીઓથી ડરવાનેબદલે એને હસતા-હસતા સ્વીકારીને તેનો સામનો કરો, સંઘર્ષ કરો. મુશ્કેલીઓ તો જિંદગીમાં કર્માનુસાર આવતી રહેશે પરંતુ તેની સામે સંઘર્ષ કરતા તે જતી પણ રહેશે, જેથી ગભરાયા વગર સંઘર્ષ ખેલતા ખેલતા જિંદગી જીવી જાણો.

'નિરાશાવાદી મટી આશાવાદી બનો!'

# ભરૂચમાં આઈપીએલ મેચ ઉપર રમાતા સટ્ટાબેટિંગનો પર્દાફાશ : એકની અટકાયત





(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

**(પ્રતિનિધિ)ભરૂચ,**
ભરૂચ જીલ્લામાં લોકસભાની ચૂંટણી ટાણે ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા માટે પોલીસ તપાસમાં હતી.તે દરમ્યાન ઓનલાઈન સટ્ટો રામાડનાર ઝડપાઈ જતા એકની અટકાયત કરી હતી તેની સામે ગુનો દાખલ કર્યો હતો.રમતમાં ભરૂચ ભાજપ કિશાન મોરચાના શહેર પ્રમુખ અને પાલિકાના પૂર્વ પ્રમુખ તેમજ પ્રયોશા ટ્રાવેલ્સના માલિક જીગ્નેશ બ્રહ્મભટ્ટ પણ સામેલ હોય તેવા પુરાવા મળી આવતા પોલીસે ગુનો નોંધી વોન્ટેડ જાહેર કર્યો હતો.

હાલમાં આઈપીએલ ક્રિકેટની મેચો ચાલી રહી છે અને હાર જીતનો પૈસા વડે સટ્ટો રમાતો હોય જે પ્રવૃત્તિને ડામવા માટે ભરૂચ એ ડિવિઝનના પીઆઈ વી યુ ગડરિયા તથા તેમની ટિમ આવા ગુનો શોધવા પેટ્રોલિંગ કરી રહી હતી.આ દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે સ્ટેશન રોડ ખાતેના ગોદી રોડ ઉપર આવેલ રોશન ટેલર નામની દુકાનની પાસે લીલા કલરના પઠાણી કપરા પહેરેલ ઈસમ ટીવીએસ મોપેડ ઉપર બેસેલ છે અને હાલમાં ચાલી રહેલી આઈપીએલ મેચમાં ચિઠ્ઠીઓ નાંખી તથા મોબાઈલ ફોન ઉપર અન્ય વ્યક્તિઓ સાથે મોબાઈલમાં સત્તા બેટિંગનો હાર જીતનો જુગાર રમી અને રમાડે છે અને હાલમાં ચાલી રહેલી મુંબઈ ઈન્ડિયન્સ અને લખનવ સુપર ઝાયન્ટ વચ્ચેની મેચ ચાલુ છે.જેમાં ચિઠ્ઠી નાંખી મેચના બંને ખિલાડીઓ રાખી ખેલાડીના વધુ રન હોય તે વિજેતા થશે તેવી રીતે રૂપિયા વડે હાર જીતનો જુગાર રમાડતા જુગાર રમાડનાર કસક જલારામ મંદિર સામે માછીવાડમાં રહેતા સોહેલ વીરસિંહ રાણા ઝડપાઈ ગયેલ અને તેની પૂછપરછમાં આ જુગારમાં ભરૂચ સેવાશ્રમ રોડ ઉપર આવેલ પ્રયોશા ટ્રાવેલ્સના સંચાલક જીગ્નેશભાઈ બ્રહ્મભટ્ટ પણ રમતમાં જોડાયેલ હોય અને જુગાર રમવાના સાધનો પણ તથા રોકડા ૨૦,૫૦૦ અને મોબાઈલ મળી કુલ ૮૦,૫૦૦ ના મુદ્દામાલ સાથે સોહેલ રાણાની ઘરપકડ કરી ભાજપના કિશાન મોરચાના શહેર પ્રમુખ તથા પ્રયોસા ટ્રાવેલ્સના માલીકને વોન્ટેડ જાહેર કરી ગુનો દાખલ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જીગ્નેશ બ્રહ્મભટ્ટ પ્રયોસા ટ્રાવેલ્સના માલિક છે સાથે તેઓ અગાઉના સમયમાં નગરપાલિકાના પ્રમુખ બનવા માટે ભાજપમાં બળવો કરી કોંગ્રેસ સાથે હાથ મિલાવી કોંગ્રેસ માંથી પ્રમુખ બન્યા હતા અને ત્યાર બાદ કોંગ્રેસ સાથે પણ બળવો કરી હાલ ભાજપમાં જોડાયેલા છે અને તેઓ ભાજપમાં હાલમાં કિશાન મોરચાના શહેર પ્રમુખ છે.જેઓને સટ્ટાબેટિંગમાં વોન્ટેડ જાહેર કરતા રાજકીય વર્તુળોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યા છે.

# ઇરાકમાં સમલૈંગિક સંબંધોને ગુનો જાહેર કરવામાં આવ્યો : ૧૫ વર્ષની સજા થશે

**(એજન્સી)નવીદિલ્હી,**
ઈરાકની સંસદે શનિવારે સમલૈંગિક સંબંધોને અપરાધ ગણાવતું બિલ પસાર કર્યુ હતું. ન્યુઝ અનુસાર,હવે ઈરાકમાં સમલૈંગિક સંબંધો રાખનારને ૧૦-૧૫ વર્ષની જેલની સજા થઈ શકે છે.

નવા કાયદા મુજબ ટ્રાન્સજેન્ડર લોકોને ૩ વર્ષ સુધીની જેલ પણ થઈ શકે છે. આ નિર્ણયનું સમર્થન કરનારાઓએ કહ્યું છે કે નવા કાયદા દ્વારા તેઓ દેશમાં ધાર્મિક લાગણીઓનું રક્ષણ કરશે. ન્યુઝ એજન્સી અનુસાર, સમલૈંગિકતા અથવા વેશ્યાવૃત્તિને પ્રોત્સાહન આપનારા લોકો અને સેકસ ચેન્જ સર્જરી કરનારા ડોકટરોને હવે ઈરાકમાં જેલમાં ધકેલી દેવામાં આવશે. વધુમાં,જે પુરુષો જાણી જોઇને મહિલાઓની જેમ વર્ત છે અને તેઓ પત્નીની અદલાબદલીમાં સામેલ છે તેઓને પણ નવા કાયદા હેઠળ જેલનો સામનોકરવો પડી શકે છે.

સમલૈંગિક સંબંધોને પ્રોત્સાહન આપનારા લોકો માટે ૭ વર્ષની જેલની જોગવાઈ છે. હકીકતમાં,ઈરાકમાં, ૧૯૮૦માં વેશ્યાવૃત્તિના કાયદામાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને તેમાં સમલૈંગિક સંબંધો માટે મૃત્યુ દંડ ઉમેરવામાં આવ્યો હતો. આ નિર્ણયનો અમેરિકા સહિત ઘણા પશ્ચિમી દેશોએ વિરોધ કર્યો હતો, ત્યારબાદ તેમાં ફરીથી ફેરફાર કરવામાં આવ્યા હતા. અમેરિકા અને યુરોપિયન યુનિયને ઈરાકમાં પસાર કરાયેલા નવા કાયદાનો વિરોધ કર્યો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે કહ્યું કે આ કાયદો માનવ અધિકારો માટે ખતરો છે. તેનાથી ઈરાકની અર્થવ્યવસ્થા અને વિદશી રોકાણ પર પણ અસર થશે. સાથેજ બ્રિટનના વિદેશ મંત્રી ડેવિડ કેમરને આ કાયદાને ખતરનાક અને ચિંતાજનક ગણાવ્યો છે. તેમણે કહ્યું કે કોઈપણ વ્યકિતને તેની ઓળખના આધારે નિશાન બનાવવું જોઈએ નહી. અમે ઈરાકની સરકારને માનવાધિકાર અને લોકોની સ્વતંત્રતાનું રક્ષણ કરવા અપીલ કરીએ છીએ. હ્યુમન રાઈટસ વોચના ૨૦૨૨ના અહેવાલ મુજબ,ઈરાકમાં લાંબા સમયથી જંઈરઢ સમુદાય પર અત્યાચાર ગુજારવામાં આવે છે. તેમની સામે અપહરણ, બળાત્કાર, ત્રાસ અને હત્યાના અનેક બનાવો પ્રકાશમાં આવતા રહે છે.

# ખેડા જિલ્લાના ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓએ પોસ્ટલ બેલટ થકી મતદાન કર્યું



**(પ્રતિનિધિ)નડિયાદ,**
લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ખેડા જિલ્લામાં ચૂંટણી ફરજ પર રોકાયેલા કર્મચારીઓ માટે પોસ્ટલ બેલટથી મતદાન યોજાયું હતું. જે પૈકી જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અમિત પ્રકાશ યાદવે નડિયાદના બાસુદીવાલા પબ્લીક સ્કુલની મુલાકાત લઈ સમગ્ર પોસ્ટલ બેલટની પ્રક્રિયાની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા ચૂટંણી અધિકારીશ્રીએ બાસુદીવાલા પબ્લીક સ્કુલ ખાતે પોસ્ટલ બેલટ તાલીમ કેન્દ્ર, પોસ્ટલ બેલટ વોટીંગ સેન્ટર, રીસીવીંગ ડિસ્પેચ સેન્ટર, ઈવીએમ સ્ટ્રોંગરૂમની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી.જિલ્લાના કુલ ૦૬ મતદાન ફેશીલીટેશન સેન્ટર પર લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે કુલ ૨૫૮૬ કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલટથી મતદાન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૪ માટે કુલ ૨૨ કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલટથી મતદાન કરવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે ખેડા જિલ્લાની એન.સી.પરીખ હાઈસ્કુલ માતર રૂમ નં-૧૩, ૧૪ અને ૧૫ ખાતે, બાસુદીવાલા પબ્લીક હાઈસ્કુલ, નડિઆદ ખાતે, શેઠ.જે.એચ.સોનાવાલા હાઈસ્કુલ મહેમદાવાદ ખાતે, શ્રીમતી સ્વયંપ્રભાબહેન શાહ હાઈસ્કુલ, કોલેજ કેમ્પસ મહુધા ખાતે, ધી. જે.એમ.દેસાઈ હાઈસ્કુલ ઠાસરા ખાતે અને સી.ડી.ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ (સી.એન.વિદ્યાલય કેમ્પસ) સહિત કુલ ૦૬ મતદાન ફેશીલીટેશન સેન્ટર પર લોકસભા સામાન્ય ચૂંટણી માટે પોસ્ટલ બેલેટથી મતદાન યોજાયું હતું.

# અંબાજી ખાતે કોંગ્રેસની જાહેર સભા, ભાજપ ભગાવો અને દેશ બચાવો સહિત વિવિધ મુદ્દે પ્રહારો કરતા નેતાઓ



(તસ્વીરઃ ઉમેશ ઠાકોર, અંબાજી)

**(પ્રતિનિધિ) અંબાજી,**
હાલમાં દેશમાં ચુંટણીઓ ચાલી રહી છે, બે તબક્કામાં ચૂંટણી પુર્ણ થઈ ગઈ છે,ત્યારે ત્રીજા તબકકામાં ચૂંટણીઓ આવનારી ૭ મે ના રોજ યોજાનાર છે.સમગ્ર ગુજરાતમાં જે સીટ પર સૌથી વધુ જેની નજર છે તે બનાસકાંઠા સીટ પર ૨ મહીલા ઉમેદવારના પ્રચાર કરવા માટે પીએમ મોદી આજે ડીસા ખાતે આવ્યા છે, જયારે ૩ મે ના રોજ પ્રિયંકા ગાંધી પણ લાખણી ખાતે ચૂંટણી પ્રચાર કરવા આવનાર છે ત્યારે શક્તિપીઠ અંબાજી ખાતે આજે કોંગ્રેસની જાહેર સભા યોજાઈ હતી.જેમાં દાંતા કોંગ્રેસ ધારાસભ્ય કાંતી ખરાડી, સિરોહીના પુર્વ ધારાસભ્ય સંયમ લોઢા, ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલ, મુકેશ પંચાલ, બળદેવજી ઠાકોર અને હાથ સે હાથ જોડોના ઈન્દ્રનીલ રાજ્યગુરૂ સહિત મોટી સંખ્યામાં નેતાઓ, કાર્યકર્તાઓ અને લોકો હાજર રહ્યા હતા.

બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકામાં મોટી સંખ્યામાં કોંગ્રેસ પાર્ટી ને વોટ મળે તે માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા મહેનત શરૂ કરાઈ છે અને દરેક તાલુકામા સભા, સ્નેહ મિલન કાર્યક્રમ યોજીને ગેનીબેન ઠાકોરને વોટ આપવા માટે નેતાઓ કહી રહ્યા છે. બનાસ બેંક, બનાસ ડેરી દ્વારા ભાજપ તરફી વોટ આપવા માટે જે પ્રચાર કરાઈ રહ્યો છે તે માટે કોંગ્રેસ પાર્ટી લોકોને ભ્રમિત નહી થઈને સાચી હકીકત જણાવી રહી છે. આજે વિવિધ નેતાઓએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા અને ભાજપ ભગાવો દેશ બચાવો ના નારા લાગ્યા હતા. દેશમાં કોંગ્રેસ ની સરકાર આવશે તો મહિલાઓ સહિત ખેડૂતો વેપારી વર્ગ માટે પ્રજાપ્રિય નિર્ણય કરાશે.દાંતા તાલુકામાં કોંગ્રેસ પાર્ટી વર્ષોથી મજબૂત છે ત્યારે હવે જોવાનું એ રહેશે કે ૨૦૨૪ મા કોંગ્રેસ પાર્ટી કેવું પરફોર્મન્સ કરશે. ગુજરાત કરતા રાજસ્થાન મા પેટ્રોલ ડીઝલ મોઘું હોઈ કોંગ્રેસ પાર્ટીના હાથ થી હાથ જોડોનાં કનવીનર ઈન્દ્રનીલ રાજ્યગુરૂ કોંગ્રેસ નેતા, રાજકોટ એ ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા અને કહ્યુ હતુ કે આજે પીએમ ફરી ૨ વખત જૂઠ બોલવા માટે ગુજરાત આવી રહ્યા છે.

# દેવગઢ બારીયા રમત ગમત સંકુલના રમતવીરોએ દુબઈમાં દેશનું નામ રોશન કર્યું



(તસ્વીરઃ મઝહરઅલી મકરાણી, દેવગઢબારીઆ)

**(પ્રતિનિધિ) દેવગઢ બારીયા,**
દેવગઢ બારીયા રમત રમત સંકુલ ના બે ખેલાડીઓ એ ૨૧મી જુનિયર એશિયન U20 એથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ-૨૦૨૪ દુબઈ ખાતે ભાગ લેતા એક ખેલાડી એ ગોલ્ડ મેડલ તેમજ એક ખેલાડી સાતમા ક્રમે આવતાં દેશનું નામ રોશન કરી પરત આવતા તેમનું ભવ્ય સ્વાગત કરી શુભેચ્છા પાઠવી.

પ્રાપ્ત માહિતી મુજબ સ્પોર્ટ્સ ઓથીરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા સંચાલિત શ્રી જયદીપસિંહજી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દેવગઢ બારીયા ના બે એથ્લેટિક્સ ખેલાડીઓ (૧) રણવીર અજય સિંગ (૨) શિલ્પાબેન ધિહોરા જેઓ નુ ૨૧મી જુનિયર એશિયન ૨૦ એથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ-૨૦૨૪ દુબઈ ખાતે તેમનું સિલેક્શન થતા બંને ખેલાડીઓ એ ૨૧મી જુનિયર એશિયન U20 માં ભાગ લીધો હતો જેમાં રણવીર અજય સિંગનું એથ્લેટિક્સની ઈવેન્ટ ૩૦૦૦ મીટર સ્ટીપલ ચેઝ ૦૯ મિનિટ ૨૨ સેકન્ડ સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો છે. અને આગામી વર્લ્ડ એથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ અને શેફ ગેમ્સ માટે કોલિફાઈ કરેલ છે. આ ખેલાડીની સ્પોર્ટ્સ ની શરૂઆત ૨૦૧૬ થી થયેલ હતી અને ૨૦૨૩-૨૪ માં એથ્લેટિક્સ એકેડમી દેવગઢ બારીયામાં હતું. જયારે શિલ્પા ધિહોરા એ ૨૧મી જુનિયર એશિયન U20 એથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ -૨૦૨૪ દુબઈ ખાતે ૧૫૦૦ મીટર ઈવેન્ટ માં સાતમો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. અને આગામી શેફ ગેમ્સ માટે કોલિફાય કરેલ છે. અને આ ખેલાડીની સ્પોર્ટ્સ ની શરૂઆત ૨૦૧૬ થી DLSS દેવગઢ બારીયા થી થયેલ હતી અને ૨૦૧૮ માં એથ્લેટિક્સ એકેડમી દેવગઢ બારીયામાં પસંદ થયેલ હતી. આ બંને ખેલાડીઓ દુબઈ થી પરત આવતા તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

# ખેડા જિલ્લા સરકાર માન્ય પત્રકાર સંઘની રચના થઈ



(તસ્વીરઃ સાજીદ સૈયદ, નડિયાદ)

**(પ્રતિનિધિ)નડિયાદ,**
ખેડા જિલ્લા સરકાર માન્ય પત્રકાર સંઘની રચના માટે આજે એક બેઠક નડિયાદ ખાતે યોજાઇ હતી.આ બેઠકમાં પત્રકારોની અસ્મિતાને ઉજાગર કરવા માટે સંઘની રચના કરવાનો નિર્ણય લેવાયો હતો.જેમાં સરકારમાંથી એક્રિડિટીશન કાર્ડ મેળવનાર પત્રકારોનો સમાવેશ કરવાની સાથે સાથે જિલ્લા ખાતે બ્યુરોચીફ તરીકેની જવાબદારી સંભાળતા દૈનિક અખબારના પત્રકારોનો પણ સમાવેશ કો.ઓપ્ટ સભ્ય તરીકે કરીને સંઘની રચના કરાઈ છે.

જેમાં સંઘના પ્રમુખપદે પત્રકાર વિપુલભાઈ પટેલ,મહામંત્રી પદે પ્રચેતભાઈ મહેતા, ઉપપ્રમુખપદે વિનોદભાઈ ભટ્ટ અને આરીફભાઈ મલેક,મંત્રીપદે સુનિલભાઈ બારોટ અને કલ્પેશભાઈ તલાટી, સંગઠન મંત્રીપદે વિનુભાઈ સુથાર અને ખજાનચી પદે સુનિલભાઈ રામીની વરણી કરવામાં આવી હતી. જ્યારે કારોબારી સભ્યોમાં સાજીદભાઈ સૈયદ, રાજુભાઈ મહંત, રાજેશભાઈ દવે,રિગ્નેશભાઈ સુતરીયા સુરેશભાઈ પારેખ(કપડવંજ) હિરેનભાઈ સુથાર,ભાવિશાબેન તલાટી, તથા કો.ઓપ્ટ સભ્યપદે ઈશાનભાઈ બારોટ, ધુતિબેન મિસ્ત્રી, મહેશભાઈ મહેતા અને ફિરોજભાઈ મલેકની પણ વરણી કરવામાં આવી હતી.આ સંઘ દ્વારા હવે સરકાર તરફથી મળતા અનેક વિવિધ લાભ સહિત સમગ્ર જિલ્લાની સરકારી કચેરીઓ ખાતેથી પ્રાપ્ત થતી માહિતી સચોટ રીતે સમગ્ર પ્રજાજનોને પૂરી પાડવા માટેનો સંકલ્પ સાથે આ સંઘ કાર્યવાહી કરશે તેવો મક્કમ નિર્ધાર પણ કરાયો હતો.



ગુજરાત સ્થાપના દિને મહાગુજરાત આંદોલનના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિકજીના સ્મારક નડીયાદ ખાતે નડીયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ એ પુષ્પાંજલિ શ્રદ્ધા સુમન અર્પણ કરી ભાવાંજલિ આપી હતી આ પ્રસંગે નડિયાદ શહેર ભાજપ પ્રમુખ તેજસભાઇ પટેલ , નગરપાલિકા પ્રમુખ કિન્નરીબેન શાહ સ્કૂલબોર્ડ ચેરમેન અતુલભાઈ ,નગરપાલિકાના કાઉન્સીલરો , નડિયાદ શહેર સંગઠન અને તમામ મોરચાના પદાધિકારીઓ , અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.
(તસ્વીર:- સાજીદ સૈયદ , નડિયાદ)

# ચૂંટણી વિભાગ, દાનહની સ્વીપ ટીમ દ્વારાSSR ફાર્મસી કોલેજ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન



**(પ્રતિનિધિ) સિલ્વાસા,**
લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત, દાદરા અને નગર હવેલી જિલ્લાના ચૂંટણી વિભાગની સ્વીપ ટીમ દ્વારા સુવ્યવસ્થિત મતદાન શિક્ષણ અને મતદાર અંતર્ગત મતદારોની વધુમાં વધુ ભાગીદારીના હેતુથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા ચૂંટણી અધિકારી પ્રિયંક કિશોર અને જવાબદાર અધિકારી અને મુખ્ય અધિકારી (સિલવાસા નગરપાલિકા) સંગ્રામ શિંદેના માર્ગદર્શન હેઠળ સ્વીપ ટીમ દ્વારા એસએસઆર ફાર્મસી કોલેજ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો જેમાં મિલન સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં પ્રિન્સિપાલ ડૉ. ચંદ્રકાંત બોંડે, આસિસ્ટન્ટ પ્રોફેસર અને ફાર્મસીના વિદ્યાર્થીઓ મતદાનને લગતી માહિતી, મતદાર હેલ્પલાઈન, મતદાનના દિવસે લઈ જવાના મહત્વના દસ્તાવેજો, મતદાન સંબંધિત માહિતી માટે ૧૯૫૦ અને ૧૦૭૭ દ્વારા આપવામાં આવતી સેવાઓ, સી વિજીલ એપ અને વોટ દ્વારા મહત્વની માહિતી આપી હતી. આ પછી મતદાન સંબંધિત શેરી નાટકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નોડલ ઓફિસર ડો.અનીતા કુમારે તમામ વિદ્યાર્થીઓને મતદાન મથક પર જઈને મતદાન કરવા માટે પ્રેરિત કર્યા હતા અને મતદાર શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે દરેકને મતદાન સંબંધિત કેપ્સ અને કાંડા બેન્ડ પણ આપવામાં આવ્યા હતા.આ ઉપરાંત, મતદાર જાગૃતિ કાર્યક્રમ હેઠળ, મતદારોને વધુ પ્રોત્સાહિત કરવા અક્ષરગ્રીન અને ચાનનદેવી ચાલ, સિલ્વાસામાં સ્વીપ ટીમ દ્વારા મતદાન સંબંધિત માહિતી સાથેના શેરી નાટકોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# ઈન્સ્ટાગ્રામથી પરિચયમાં આવેલી સગીરાને ભગાડી જનાર યુવક દાહોદથી ઝડપાયો



(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

**(પ્રતિનિધિ)ભરૂચ,**
સોશ્યલ મીડિયાના જમાનામાં વધતા જતા બળાત્કાર અને અપહરણના ગુનાઓમાં ઈન્સ્ટાગ્રામ સૌથી વધુ ખતરનાક સાબિત થતું હોય તેમ એક યુવક સગીરા સાથે ઈન્સ્ટાગ્રામમાં પરિચયમાં આવતા યુવક સગીરાને ભગાડી જતા સગીરા સાથે રહેલા મોબાઈલના લોકેશનના આધારે ભરૂચ એ ડિવિઝન પોલીસ આરોપી અને ભોગ બનનાર સગીરાને લાવી આરોપી સામે બળત્કાર અને પોકસોની કલમનો ઉમેરો કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચના શકિતનાથ વિસ્તારમાં રોજગારી અર્થે આવેલ એક શ્રમિક પરિવાર સ્થાયી થયું હતું અને તેમના પરિવારમાં એક સગીરા ગુમ થઈ હોય જે અંગે અપહરણ ની ફરિયાદ એ ડિવિઝન પોલીસ મથકમાં દાખલ થઈ હતી અને સગીરાની શોધખોળ ની તપાસ કરી રહી હતી અને ગુમ સગીરાના મોબાઈલનું લોકેશન દાહોદ તેના મૂળ વતનનું સામે આવતા ભરૂચ પોલીસે સગીરાના મોબાઈલ લોકેશનના આધારે દાહોદના વણભોઈ ગામના નિશાળ ફળિયામાં રહેતા ૧૯ વર્ષીય રિતેશ રમુ બારીયાના ઘર માંથી ભોગ બનનાર સગીરા અને ભગાડી જનાર ઝડપાઈ ગયા હતા.જે બંને ને ભરૂચ પરત લાવી તપાસ કરતા તપાસ દરમ્યાન ભોગ બનનાર સગીરા રિતેશ બારીયા સાથે મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામ મારફતે પરિચયમાં આવતા બંને વચ્ચે ગાઢ મિત્રતા અને પ્રેમ સંબંધ હોવાનો ભાંડો ફૂટતા સગીરાની ઉંમર નાની હોય જેના પગલે ભગાડી જનાર રિતેશ બારીયા અને સગીરા બંનેના મેડિકલ પરીક્ષણ કરાવી નરાધમ સામે બળાત્કાર અને પોક્સોની કલમનો ઉમેરો કરી આરોપીને જેલ હવાલે કરાયો હતો અને વધુ તપાસ હાથધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના કાળ બાદ ઓનલાઈને શિક્ષણે અનેક વાલીઓને ચિંતામાં મૂકી દીધા છે અને શિક્ષણના નામે બાળકો મોબાઈલનો વધુ પડતો ઉપયોગ કરતા હોય છે અને ધણી વખત શિક્ષણ ના ના નામે ઓનલાઈન ફ્રી ફાયર ગેમ તથા ઈન્સ્ટાગ્રામ ,સ્નેપચેટ ના માધ્યમથી ઘણા બાળકો અજાણ્યા યુવકોના પરિચયમાં આવી જતા હોય છે અને અંતે સગીરાઓ અજાણ્યા યુવકો સાથે ભાગી જવા પણ મજબુર થતી હોય છે અને ભૂતકાળમાં આવા સંખ્યા બંધ ગુનાઓ નોંધાઈ ચુક્યા છે.ત્યારે વાલીઓ એ પણ બાળકોને વધુ પડતા મોબાઈલ આપવા જોખમ કારક સાબિત થઈ રહ્યા છે.

# ત્રીજા તબક્કામાં ૧૮ ટકા ઉમેદવારો પર ફોજદારી કેસઃ ૨૯ ટકા કરોડપતિ

**(એજન્સી)નવીદિલ્હી,**
લોકસભા ચૂંટણી ૨૦૨૪ ના ત્રીજા તબક્કામાં દેશના ૧૨ રાજયોની ૯૫ બેઠકો પર ૭ મેના રોજ મતદાન થશે. આ સમયગાળા દરમિયાન ૧,૩૫૨ ઉમેદવારોનું ભાવિ દાવ પર લાગશે. એડીઆર (એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ) નો રિપોર્ટ મતદાન પહેલા આવી ગયો છે. આ મુજબ ત્રીજા તબક્કાના ૧૮ ટકા ઉમેદવારો સામે ફોજદારી કેસ નોંધાયેલા છે. એડીઆર અને નેશનલ ઈલેકશન વોચે લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ૧૨ રાજયોના ૧,૩૫૨ ઉમેદવારોના એફિડેવિટનું વિશ્લેષણ કર્યું છે.

રિપોર્ટ અનુસાર, આમાંથી ૧૮ ટકા એટલે કે ૨૪૪ ઉમેદવારો સામે ફોજદારી કેસ નોંધાયેલા છે. ૧૭૨ એટલે કે ૧૩ ટકા ઉમેદવારોએ પોતાની સામે ગંભીર ગુનાહિત કેસ જાહેર કર્યા છે. પાંચ પર હત્યાનો પણ આરોપ છે.

ગુનાહિત રેકોર્ડ ધરાવતા ૨૪૪ ઉમેદવારોમાંથી પાંચ સામે હત્યા સંબંધિત આરોપો છે જયારે ૨૪ સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધવામાં આવ્યો છે. વધુમાં, ૩૮ ઉમેદવારો સામે મહિલાઓ વિરુદ્ધ ગુનાઓ અને ૧૭ ઉમેદવારો સામે ઉશ્કેરણીજનક ભાષણ સંબંધિત કેસ જાહેર કર્યા છે. ૩૮ ઉમેદવારોએ મહિલાઓ સામેના ગુનાઓ સંબંધિત કેસ જાહેર કર્યા છે અને તેમાંથી ૨ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ હેઠળ બળાત્કારના આરોપોનો સામનો કરી રહ્યા છે.


**નામ બદલેલ છે**

મેં મારું નામ **નિકુમ દુર્ગાબેન માધવભાઈ** હતું, જે બદલીને **નિકુમ દુર્ગાવતીબેન માધવભાઈ** કરેલ છે.
**સરનામું :** બી-૩, ગોકુલ એપાર્ટમેન્ટ, ચિત્રકુંટ સોસાયટી પાસે, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮
349

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**સુધારો**

**ઈ-ટેન્ડર નોટીસ નં.** Sr.DEE/ADI/ 05(24-25). **તા.23.04.2024 ના નીચે જણાવેલ ટેન્ડર માટે સુધારો. ટેન્ડર નં.** EL-50-1-ADI-T-13-2024-25. **કામનું નામ** ADSA ગ્રાઉન્ડ સાબરમતીના અપ ગ્રેડેશનના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. **નોંધનીય ફેરફારોઃ 1.** સિવિલ એન્જીનિયરીંગનું કામ ઉમેરવામાં આવ્યું **2.** LED ફ્લડ લાઈટ કલર રેન્ડરીંગ (Ra):>80. **3.** જાહેરાત મૂલ્ય (રૂા.): 1,28,31,319.23 **4.** અર્નેસ્ટ મની (રૂા.): 2,14,200.
ADI-015

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - વડોદરા ડિવિઝન**

વિવિધ એન્જિનિયરિંગ કાર્યો

**ઇ-ટેન્ડર સૂચના નંબર DRM-BRC 034 થી 036 વર્ષ 2024-25**

ભારતના રાષ્ટ્રપતિના માટે અને વતી ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 દ્વારા નીચેના કામો માટે સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| ક્ર. સં. | ટેન્ડર નંબર અને કામનું નામ | કામની અંદાજિત કિંમત (₹) | બિડ સિક્યોરિટી જમા કરવાની રહેશે (₹) |
|---|---|---|---|
| 01 | **DRM BRC 034 OF 2024-25**<br>વડોદરા (P):- સીનિયર સેક્શન એન્જિનિયર (વર્કસ) BRCP (ફરીથી આમંત્રિત) (R-2) ના અધિકારક્ષેત્ર હેઠળ ભૂગર્ભ ગટર વ્યવસ્થા અને મેનહોલ્સનો વાર્ષિક જાળવણી કરાર | 11,56,362.59 | 23,100.00 |
| 02 | **DRM BRC 035 OF 2024-25**<br>વડોદરા યાર્ડ:- સીનિયર સેક્શન એન્જિનિયર (વર્કસ) BRCY ના અધિકારક્ષેત્ર હેઠળ ભૂગર્ભ ગટર વ્યવસ્થા અને મેનહોલ્સનો વાર્ષિક જાળવણી કરાર | 13,77,314.87 | 27,600.00 |
| 03 | **DRM BRC 036 OF 2024-25**<br>વડોદરા વિભાગ:- એડીએન-આણંદના અધિકારક્ષેત્ર હેઠળના રસ્તાની સપાટીમાં સુધારો | 2,00,65,882.42 | 2,50,300.00 |

**ટેન્ડર જમા કરવા અને ખોલવાની તારીખ અને સમય :** ટેન્ડર **17.05.2024** ના રોજ 15.00 કલાક પહેલા જમા કરાવવાનું રહેશે, અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવામાં આવશે.**વેબ સાઇટની વિગતો અને સ્થળ માટે સૂચના જ્યાં સંપૂર્ણ વિગતો જોઇ શકાય છે અને ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાય છે:** ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA/C) પશ્ચિમ રેલ્વે. પ્રતાપનગર, વડોદરા-૧, **વેબસાઈટ:** www.ireps.gov.in
BRC018

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**નામ બદલેલ છે**

મેં મારું નામ **પટેલ નિર્મલકુમાર નયનેન્દ્ર** હતું, જે બદલીને **પટેલ નિર્મલ નયનેન્દ્ર** કરેલ છે.
**સરનામું :** ૨૫, અંબિકા રેસીડન્સી, બાકરોલ-વડતાલ રોડ, બાકરોલ, આણંદ-૩૮૮૩૧૫
M018

**||પુસ્તિકાઓ વહેચો||**
**"કેવી પ્રાતઃ પ્રભુ પૂજા પ્રભુને ગમે"**
**કિં.રૂા ૮/- પેજ ૩૬ મો.૮૧૨૮૨૮૬૧૬૧**

**વેસ્ટર્ન ટાઇમ્સ**
**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
**-જાહેરખબર મેનેજર**

**NALIN LEASE FINANCE LIMITED**
**CIN: L65910GJ1990PLC014516**
Regd.Off: Ground Floor, Gandhi Nursing Home Bldg., Dr.Nalinkant Gandhi Road, Himatnagar-383 001.Gujarat India Phone: 02772-241264, 242264,
email : info@nalinfin.co.in, www.nalinfin.co.in

**EXTRACT FROM THE STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 31.03.2024**
**(Rs.in Lacs)**

| Sl. No. | PARTICULARS | For the quarter ended | | | For the year ended |
|---|---|---|---|---|---|
| | | 31 March 2024 | 31 Dec.2023 | 31 March. 2023 | 31 March 2024 |
| | | Audited | Unaudited | Audited | Audited |
| 1. | Total Income From Operations | 161.00 | 181.24 | 130.54 | 666.75 |
| 2. | Net Profit/(loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 112.35 | 155.44 | 80.76 | 517.09 |
| 3. | Net Profit/(loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | 112.35 | 155.44 | 80.76 | 517.09 |
| 4. | Net Profit/(loss) for the period after Tax(after Exceptional and/or Extraordinary items) | 96.15 | 108.08 | 61.38 | 384.98 |
| 5. | Total Comprehensive Income for the period (Comprising Profit /(Loss) for the period (after Tax) and Other Comprehensive Income (after tax) | 96.15 | 108.08 | 61.38 | 384.98 |
| 6. | Paid up Equity Share Capital | 655.82 | 655.82 | 655.82 | 655.82 |
| 8. | Earnings Per share (of Rs 10/- each) (for continuing and discontinuing operations)- | | | | |
| 1. | Basic: | 1.47 | 1.65 | 0.94 | 5.87 |
| 2. | Diluted: | 1.47 | 1.65 | 0.94 | 5.87 |

**Note :**The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015.
The full format of the Quarterly Financial Results is available on the BSE website (www.bseindia.com) & Company's website (www.nalinfin.co.in)

For, NALIN LEASE FINANCE LTD
Sd/- **Harsh Dilipkumar Gandhi**
*Wholetime Director*

**Place : Himmatnagar**
**Date : 01.05.2024**

